dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS


# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year - 08 | Issue - 79 | AD - 2024, Magashirsha Vad - 07 | Sunday, Dt.22-12-2024 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00



## ઈમારતોમાં ડ્રોન અથડાયા બાદ આગ લાગતા લોકોમાં નાસભાગ મચી : ભારે નુકસાનની ભીતિ

# રશિયાના કઝાન શહેરમાં યુક્રેનનો ડ્રોનથી ભીષણ હુમલો

(એચ.એસ.એલ),મોસ્કો,તા.૨૧

રશિયાના કઝાન શહેરમાં મોટો ડ્રોન હુમલો થયો છે. રશિયન મીડિયા અનુસાર, ડ્રોન કઝાનમાં અનેક બહુમાળી ઈમારતોને અથડાયા છે. આ હુમલો ૨૦૦૧માં અમેરિકામાં ૧૧ સપ્ટેમ્બરના હુમલાની જેમ કરવામાં આવ્યો છે. આ હુમલામાં થયેલા નુકસાન અંગે હજુ સુધી માહિતી સામે આવી નથી, પરંતુ જે રીતે ડ્રોન રહેણાંક મકાનો સાથે અથડાયા હતા અને જે રીતે વિસ્ફોટ અને ઈમારતોમાં આગ લાગી હતી તેના કારણે ભારે નુકસાન થવાની આશંકા છે. હુમલાનો વીડિયો પણ સામે આવ્યો છે. રશિયાના કુર્સ્ક પ્રદેશના રિલસ્ક શહેરમાં યુક્રેનના મિસાઈલ હુમલામાં એક બાળક સહિત છ લોકોના મોતના સમાચાર છે. આ હુમલામાં અન્ય ૧૦ લોકો ઘાયલ પણ થયા છે. આ ઘટના બાદ સમગ્ર વિસ્તારમાં નાસભાગ મચી ગઈ હતી થોડા સમય માટે સમગ્ર વિસ્તારમાં ધુમાડાના ગોટેગોટા જોવા મળી રહ્યા હતા.

રશિયાના કઝાન શહેરમાં ૯/૧૧ જેવા ઘાતક હુમલાએ હલચલ મચાવી દીધી હતી. સ્થાનિક અધિકારીઓના જણાવ્યા અનુસાર, યુક્રેનિયન ડ્રોન કઝાનમાં રહેણાંક ઈમારતોને અથડાયા હતા. જેના કારણે ઈમારતોમાં ભીષણ આગ ફાટી નીકળી હતી. મૃત્યુ અને અન્ય નુકસાનનું મૂલ્યાંકન કરવામાં આવી રહ્યું છે. રિપોર્ટ્સમાં દાવો કરવામાં આવ્યો છે કે આ હુમલા યુક્રેન દ્વારા કરવામાં આવ્યા છે. ડ્રોન હુમલા બાદ કઝાન એરપોર્ટ પરની હવાઈ સેવા બંધ કરી દેવામાં આવી છે. કઝાન શહેર રશિયાની રાજધાની મોસ્કોથી લગભગ ૮૦૦ કિલોમીટર પૂર્વમાં આવેલું છે. આ ડ્રોન હુમલા કઝાનમાં છ રહેણાંક મકાનો પર થયા હતા. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, કઝાન શહેર યુક્રેનની સરહદથી લગભગ ૯૦૦ કિલોમીટર પૂર્વમાં આવેલું છે અને ભૂતકાળમાં પણ યુક્રેનની બાજુથી કઝાનમાં ડ્રોન હુમલા કરવામાં આવ્યા છે. રશિયાના સંરક્ષણ પ્રધાને દાવો કર્યો છે કે તેમની સેનાએ ૧૨ યુક્રેનિયન ડ્રોનને નષ્ટ કરી દીધા છે. યુક્રેનિયન મીડિયાનો દાવો છે કે ગઈકાલે રાત્રે રશિયાના રોસ્ટોવમાં બે ઓઈલ ડેપોમાં આગ



લાગી હતી. આ આગ પણ કથિત યુક્રેનિયન ડ્રોન હુમલાને કારણે શરૂ થઈ હતી. યુક્રેન સતત રશિયન શહેરો પર બોમ્બમારો કરી રહ્યું છે. વિનાશક મિસાઈલોનો ઉપયોગ કરવા માટે અમેરિકાની મદદ અને બાઈડેન વહીવટીતંત્રની પરવાનગી બાદ યુક્રેન વધુ ઘાતક બન્યું છે. અહેવાલો અનુસાર, યુક્રેને શનિવારે રશિયા પર ૯/૧૧ જેવો હુમલો કર્યો હતો. યુક્રેન આર્મીએ કઝાનમાં ૬ ઈમારતો પર ડ્રોન હુમલો કર્યો હતો, આ હુમલા બાદ સમગ્ર વિસ્તારમાં અરાજકતા ફેલાઈ ગઈ હતી. હુમલા બાદ ઈમારતો ખાલી કરાવવામાં આવી છે અને શાળાઓને બંધ કરવાની સૂચના આપવામાં આવી છે. હુમલા બાદ બચાવ કાર્ય ચાલી રહ્યું હતું ત્યારે એક હુમલો થયો હતો.

પ્રાથમિક માહિતી અનુસાર, ડ્રોને કમલેવ એવન્યુ, ક્લેરા ઝેટકીન સ્ટ્રીટ, યુકોઝિન્સકાયા, ખાદી તકતશ અને ક્રસ્નાયા પોસિટ્સિયા પરની ઈમારતોને નિશાન બનાવી હતી. વધુ બે ડ્રોને ઓરેનબર્ગસ્કી ટ્રેક્ટ સ્ટ્રીટ પર એક ઘરને નિશાન બનાવ્યું હતું. હુમલા બાદ, રશિયાના તાતારસ્તાન પ્રદેશની સરકારે જાહેરાત કરી હતી કે રાજ્યમાં તમામ સામૂહિક કાર્યક્રમો આગામી બે દિવસ માટે રદ કરવામાં આવશે. સુરક્ષાના કારણોસર સરકારે આ પગલું ભર્યું છે. આ નિર્ણયથી એવું લાગી રહ્યું છે કે રશિયા યુક્રેનની એટેકિંગ પાવરને હળવાશથી નથી લઈ રહ્યું અને ભવિષ્યમાં પણ આવા હુમલા થવાની આશંકા છે. જોકે, રશિયાએ હંમેશા કહ્યું છે કે તે દરેક હુમલાનો જડબાતોડ જવાબ આપશે. હવે જોવાનું એ રહે છે કે આ હુમલાના જવાબમાં રશિયા શું કરશે.

દરમિયાન દક્ષિણ કોરિયાની જાસુસી એજન્સીએ સાંસદોને જણાવ્યું હતું કે રશિયા મોકલવામાં આવેલા ઓછામાં ઓછા ૧૦૦ ઉત્તર કોરિયાઈ સૈનિક માર્યા ગયા છે. જયારે લગભગ એક હજાર ઘાયલ થયા હોવાનો અંદાજ છે.

રાષ્ટ્રીય ગુપ્તચર એજન્સીએ મૃત્યુ પામનારાઓ માટે એ તથ્યને જવાબદાર ઠેરવ્યા છે કે ઉત્તર કોરિયાઈ સૈનિકોના ડ્રોનની સાથે તેમના અનુભવની કમીને કારણે અપરિચિત યુધ્ધક્ષેત્રોમાં અગ્રિમ હરોળના હુમલાખાર દળોના રૂપમાં ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. એક અનુમાન અનુસાર કુર્સ્ક સીમા વિસ્તારમાં તહેનાત અનુમાનિત ૧૧,૦૦૦ ઉત્તર કોરિયાઈ સૈનિકોમાંથી કેટલાકને વાસ્તવિક યુધ્ધમાં મોકલવામાં આવ્યા હતા.

## દિલ્હીની શાળાઓમાં ગેરકાયદેસર બાંગ્લાદેશી વિદ્યાર્થીઓની ઓળખ કરવા ડે.કમિશનરનો આદેશ



(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૨૧

દિલ્હીમાં વિધાનસભા ચૂંટણી પહેલા બાંગ્લાદેશી ઘૂસણખોરી પણ એક મુદ્દો બની રહી છે. હવે આ મામલે દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશન (એમસીડી) એક્શનમાં આવ્યું છે. એમસીડી ડેપ્યુટી કમિશનરે શાળાઓને નોટિસ જારી કરીને શાળાઓમાં ગેરકાયદેસર બાંગ્લાદેશી વિદ્યાર્થીઓની ઓળખ કરવા જણાવ્યું છે. એમસીડીના શિક્ષણ વિભાગને જારી કરાયેલા આદેશમાં કહેવામાં આવ્યું છે કે ગેરકાયદેસર બાંગ્લાદેશી ઈમિગ્રન્ટ્સ દ્વારા કરવામાં આવેલા અતિક્રમણને તાત્કાલિક હટાવી લેવામાં આવે. આ આદેશ એમસીડીના તમામ ક્ષેત્રોને જારી કરવામાં આવ્યો છે. આ ઉપરાંત, એમસીડીએ જાહેર આરોગ્ય વિભાગને આદેશ આપ્યો છે કે તે સુનિશ્ચિત કરે કે ગેરકાયદેસર બાંગ્લાદેશી ઈમિગ્રન્ટ્સને જન્મ પ્રમાણપત્ર આપવામાં ન આવે. ૩૧ ડિસેમ્બર, ૨૦૨૪ સુધીમાં આ સંબંધમાં એકશન રિપોર્ટ સબમિટ કરવા માટે કહેવામાં આવ્યું છે. એમસીડીના ડેપ્યુટી કમિશનર (મુખ્યમથક) બીપી ભારદ્વાજે જણાવ્યું હતું કે શિક્ષણ વિભાગે ગેરકાયદેસર બાંગ્લાદેશી વસાહતીઓની ઓળખ કરવા અને તેમને મ્યુનિસિપલ શાળાઓમાં પ્રવેશ લેતા અટકાવવા યોગ્ય પગલાં લેવા જોઈએ. તેમણે એ પણ નિર્દેશ આપ્યો હતો કે શાળાઓમાં પહેલાથી જ અભ્યાસ કરી રહેલા ગેરકાયદેસર બાંગ્લાદેશી સ્થળાંતરિત વિદ્યાર્થીઓને ઓળખવા માટે યોગ્ય વેરિફિકેશન ડ્રાઈવ હાથ ધરવામાં આવે. આ બેઠકમાં, ગેરકાયદેસર બાંગ્લાદેશી ઈમિગ્રન્ટ્સના મુદ્દા પર ચર્ચા કરવામાં આવી હતી અને એમસીડીના સંબંધિત વિભાગના વડાઓ અને પ્રાદેશિક અધિકારીઓને કેટલાક નિવારક પગલાં લેવા માટે કહેવામાં આવ્યું હતું.

એમસીડીએ જાહેર આરોગ્ય વિભાગને જન્મ નોંધણી અને જન્મ પ્રમાણપત્રો જારી કરતી વખતે યોગ્ય સાવચેતી રાખવાનો પણ નિર્દેશ આપ્યો હતો જેથી ગેરકાયદેસર બાંગ્લાદેશી વસાહતીઓને જન્મ પ્રમાણપત્રો મેળવવાથી અટકાવી શકાય. તેણે જણાવ્યું હતું કે ગેરકાયદેસર બાંગ્લાદેશી વસાહતીઓને જન્મ પ્રમાણપત્રો પહેલેથી જ જારી કરવામાં આવ્યા છે કે કેમ તે ઓળખવા માટે ઓળખ વેરિફિકેશન ડ્રાઈવ પણ હાથ ધરવામાં આવવી જોઈએ.


અમરેલીમાં
પ્રથમ અને એકમાત્ર
Perfect POWER Solutions Since 2013
એડવાન્સ ઈલેક્ટ્રીકલ પેનલ મેન્યુફેકચરીંગ યુનિટ
•ડિઝાઈન •ફેબ્રિકેશન •પાવડર કોટીંગ •એસેમ્બલીંગ •ટેસ્ટીંગ
સંપૂર્ણ પ્રોડક્શન લાઈન
પરફેક્ટ પાવર સોલ્યુશન્સ
શેડ નં.૨, પ્લોટ નં. ૪૩, ક્રિષ્ટી સીડસની પાછળ, GIDC અમરેલી
મો.9638191927 - 9979080710
The Perfection you can always trust

Care is our culture AIMS HOSPITAL-AMRELI -એઈમ્સ હોસ્પિટલ અમરેલી
કાર્ડિયાક વિભાગ
• 24 x 7 ફૂલટાઈમ ઈન્ટરવેન્શનલ કાર્ડિયોલોજીસ્ટ ઉપલબ્ધ
• હૃદયનો 2D / 3D ઈકો વીથ કલર ડોપ્લરની સુવિધા
• ડોબ્યુટેમાઈન સ્ટ્રેશ ઈકોની સુવિધા
• ટી.એમ.ટી. તથા ૨૪ કલાક એમ્બ્યુલેટરી બી.પી. મોનીટરીંગની સુવિધા
• HOLTER (હોલ્ટર)ની સુવિધા ઉપલબ્ધ
• હૃદયરોગ (હાર્ટ એટેક) વખતે કરાવવી પડતી એન્જિયોગ્રાફી તથા એન્જિયોપ્લાસ્ટી (સ્પ્રિંગ / સ્ટેન્ટ મુકવું)
• પેસમેકર (હૃદયને ધબકતું રાખવાનું યંત્ર)ની સુવિધા ઉપલબ્ધ (ટેમ્પરરી તથા પરમેનન્ટ)
• હાર્ટ ફેલ્યોર, પલ્મોનરી એમ્બોલીઝમ વગેરે ગંભીર રોગોની સારવાર
આયુષ્યમાન ભારત કે મા કાર્ડ ધારક લાભાર્થીને તદ્દન ફ્રી એન્જિયોગ્રાફી તથા એન્જિયોપ્લાસ્ટીની સુવિધા ઉપલબ્ધ
ડૉ. અમિત શર્મા
MBBS, DNB (Int Medicine), CCEBDM, DNB (Cardiology)Interventional Cardiologist
સિનીયર ઈન્ટરવેન્શનલ કાર્ડિયોલોજિસ્ટ
૧૪ વર્ષનો બહોળો અનુભવ
02792222060
7610810827
એઈમ્સ હોસ્પિટલ, બસ સ્ટેશનની સામે, અમરેલી

Sheetal
થાબડી - ખજૂર યુક્ત
ગરમ દૂધ
શીતલ ગાર્ડન પાર્લર
અટલ પાર્ક, કોલેજ સર્કલ, અમરેલી.
સાંજે 7:00 થી 11:30

શું તમને સાંભળવાની તકલીફ છે ?
કોઈપણ ઉંમરના વ્યકિતની બહેરાશની તપાસ
જર્મની, ડેન્માર્કની કંપનીના આધુનિક મશીન જેમાં AI ટેકનોલોજી, રિચાર્જેબલ, બ્લુટૂથ ટેકનોલોજી, વોટરપ્રુફ, બેસ્ટ સાઉન્ડ કવોલીટી સાથે મળશે.
વડીલો માટે આધુનિક મશીનો વ્યાજબી કિંમતમાં
પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં 100% સહાય
કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
એકસચેંજ ઓફર ઉપલબ્ધ
અવતાર સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, જ્યુબીલી ધર્મશાળા પાસે, સ્ટેશન રોડ, અમરેલી.
મો. ૭૨૬૫૦ ૬૩૩૬૩ સમય :સવારે :૧૦ થી ૨, સાંજે : ૫ થી ૮

ગ્રાહકોને સંપૂર્ણ વિશ્વાસ સાથે શુદ્ધ અને પ્યોર શીંગતેલ G-20 નું ખાત્રીબંધ આપશું.
શુદ્ધતા સાથે કોઈ સમાધાન નહી માણસની તંદુરસ્તી સાથે કોઈ રમત નહીં તો રાહ શેની જુઓ છો તો પધારો આજેજ અમારી ફેકટરી પર
AN ISO 9001:2015 & ISO 22000: 2018 CERTIFIED COMPANY
100%VEG
सम्राट अशोक
100% PREMIUM QUALITY
ડબલ ફીલ્ટર્ડ G-20 નું શુદ્ધ શીંગતેલ
અને હા વળી, G-20 નું શુદ્ધ શીંગતેલ આપનો વિશ્વાસ અમારી બ્રાન્ડ બારેમાસ ભરવા લાયક ડબલ ફિલ્ટર કરેલુ.
ગ્રાહકોને સંતોષ એજ અમારૂ લક્ષ્ય
No રીફાઈન્ડ
No ભેળસેળ
No કોલેસ્ટ્રોલ
No કેમીકલ
MFG. & MARKETING BY:
ક્રિષ્ટી સીડ્સ ઈન્ડસ્ટ્રીઝ
પ્લોટ નં.૫,૬,૩૪,૩૫, જી.આઈ.ડી.સી., રેલવે સ્ટેશન સામે, હનુમાનપરા, અમરેલી મો. ૯૪૨૬૯ ૬૩૬૩૩

નિઃશુલ્ક માર્ગદર્શન
નવજીવન જનરલ હોસ્પિટલ
પથરી પ્રોસ્ટેટ કિડની રોગ ?
ડૉ.જય માકડીયા યુરોલોજીસ્ટ
પથરી
પ્રોસ્ટેટ
કીડની
તારીખ : ૨૬-૧૨-૨૦૨૪ ,ગુરુવાર
સમય:- બપોરે ૩:૦૦ થી ૬:૦૦
સ્થળ:- કેરિયા રોડ નાગરિક બેંકની બાજુમાં, અમરેલી. PH.૦૨૭૯૨-૨૨૨૨૨૩
MO.૯૯૭૮૨૨૩૦૦૦
નોંધ :- નામ નોંધાવવુ ફરજીયાત છે.

POLO PLUS પોલો પ્લસ CONTAINERS
અમને ગૌરવ છે, કે અમે ગુજરાતી છીએ
અમે સસ્તી નહી
સૌથી શ્રેષ્ઠ પ્રોડકટ બનાવીએ છીએ....
100 - 150 200 - 300 લીટર માં ઉપલબ્ધ
૧૦૦% ફૂડ ગ્રેડ મટીરીયલ્સ
500 થી 10000 લીટર ની વિશાળ રેન્જ માં ઉપલબ્ધ
9 YEAR WARRANTY
૧૪ વર્ષ ની ગેરંટી
વધુ વિગત માટે સંપર્ક કરો
મો. ૯૯૭૮૯૯૬૯૮૮

સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી

રવિવાર, તા.૨૨-૧૨-૨૦૨૪

# સાવરકુંડલાના નવી આંબરડી ગામે મંદિરમાં તસ્કરોના પરોણા


તસ્વીર : સૌરભ દોશી

સાવરકુંડલા,તા.૨૧

સાવરકુંડલાના નવી આંબરડી ગામે આવેલા માતાજીના મંદિરમાં ત્રણ તસ્કરો ત્રાટક્યા હતા. મંદિરમાં ઘૂસીને માતાજીના આભૂષણોની ચોરી કરી હતી અને લોકર તોડવાનો પ્રયત્ન કર્યો હતો. આ સમગ્ર ઘટના સીસીટીવીમાં કેદ થઈ ગઈ છે. પ્રાપ્ત માહિતી અનુસાર સાવરકુંડલાના નવી આંબરડી ગામે આવેલા ખોડિયાર માતાજીના મંદિરમાં ચોરીની ઘટના સામે આવી છે. આ ઘટનાના સીસીટીવી પણ સામે આવ્યા છે. સીસીટીવીમાં જોઈ શકાય છે ત્રણ તસ્કરો ચોરીના ઈરાદે મંદિરમાં પ્રવેશ કરે છે. ત્યારબાદ તસ્કરો માતાજીની મૂર્તિ પરથી બે સોનાની નથ અને બુટીની ચોરી કરી હતી. ચોરી કરતાં પહેલાં તસ્કરોએ પહેલાં માતાજીના દર્શન કર્યા હતા, ત્યારબાદ લોકર તોડવાનો પ્રયત્ન કર્યો હતો પરંતુ લોકર ખુલ્યું ન હતું અને નકલી આભૂષણો ઉપાડી ગયા હતા. આ ઉપરાંત મંદિર પરિસરમાં પાર્ક કરેલ પૂજારીનું બાઈક તસ્કરો ઉપાડી ગયા હતા. આ ચોરીના બનાવની જાણ થતાં સાવરકુંડલા રૂરલ પોલીસે ઘટનાસ્થળે પહોંચી તપાસ હાથ ધરી હતી. પોલીસે ચોરીનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# અમરેલીમાં વિદ્યાર્થીઓનો ગણિતનો પાયો મજબૂત બનાવવા નવો પ્રયોગ

અમરેલી,તા.૨૧

અમરેલી નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અને અમરેલી ગણિત વર્તુળ શાળાના ધોરણ ૬ થી ૮ના વિદ્યાર્થીઓનો ગણિતનો પાયો મજબૂત બનાવવા માટે એક નવો પ્રયોગ શરૂ કર્યો છે. આ પ્રયોગ હેઠળ વિદ્યાર્થીઓને વિનામૂલ્યે ગણિતની તાલીમ આપવામાં આવશે. આ પ્રોજેક્ટનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓને સ્પર્ધાત્મક



પરીક્ષાઓમાં સફળ થવામાં મદદ કરવાનો અને ગણિત વિષય પ્રત્યે રસ જગાડવાનો છે. આ માટે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના ચેરમેન તુષાર જોષી, વાઈસ ચેરમેન દામજી ગોલ, શાસનાધિકારી આશિષ જોષી અને અમરેલી ગણિત વર્તુળના અધ્યક્ષ એચ.એલ. પટેલ સહિતની ટીમ વિશેષ આયોજન કરી રહી છે. આ પ્રોજેક્ટમાં કોલેજના પૂર્વ પ્રિન્સિપાલ એચ.એલ. પટેલ, એસ.કે. પાઠક, પી.આર. પટેલ, આર.કે. માલનિયા, ડી.બી. લલાડિયા, પી.બી. રાજ્યગુરુ અને વૈદિક ગણિતના નિષ્ણાત કનુભાઈ કસવાલા પણ મહત્વનું યોગદાન આપી રહ્યા છે.

# બગસરામાં દબાણ દૂર કરવાને બદલે પાલિકા સામે કોર્ટ ફરિયાદ ઠોકી

બગસરા,તા.૨૧

બગસરાના જેતપુર રોડ પર થયેલા અનેક ગેરકાયદેસર દબાણો દૂર કરવા માટે માર્ગ અને મકાન વિભાગ તથા નગરપાલિકા દ્વારા નોટિસો આપવામાં આવી હતી. માર્ગ અને મકાન વિભાગ દ્વારા થોડી સખતાઈથી કામ લેતા દબાણ કરનારાઓએ પોતાનું દબાણ જાતે જ હટાવી લીધું હતું. પરંતુ પાલિકા દ્વારા દબાણ કરનારાઓ ઉપર હજુ કોઈ કાર્યવાહી કરવામાં આવે તે પહેલા જ અઢી વીઘા જમીન પર દબાણ કરેલ ગફારશા ભીખુશા રફાઈ દ્વારા બગસરા નગરપાલિકા વિરૂધ્ધ કોર્ટમાં ફરિયાદ દાખલ કરવામાં આવેલ છે જેમાં આ દબાણની જમીન તેમને કાયદેસર આપવા માટે દાદ માગેલ છે. આ બાબતે ચીફ ઓફિસરનો સંપર્ક કરવામાં આવતા જણાવ્યું કે આ ફરિયાદ ખોટી રીતે દાખલ કરવામાં આવેલ છે. સરકારની જમીન પર દબાણ કરનાર કોઈપણ વ્યક્તિ વિરુદ્ધ પગલા લેતા તંત્ર ખચકાશે નહીં તેવું જણાવ્યું હતું.

# ભાવિ આચાર્યશ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજના ૫૦મા જન્મોત્સવ નિમિત્તે રક્તદાન કેમ્પ યોજાયો

સાવરકુંડલા, તા.૨૧

મૂળ સ્વામિનારાયણ સંપ્રદાય વડતાલ દેશ શ્રી લક્ષ્મીનારાયણદેવ ગાદી પીઠાધિશ્વર પરમ પૂજ્ય ૧૦૦૮ આચાર્યશ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજની આજ્ઞાથી પ.પૂ. ૧૦૮ ભાવિ આચાર્યશ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજના સાનિધ્યમાં પિયાવા ગામે શાકોત્સવ યોજાયો હતો. આ શાકોત્સવમાં આજુબાજુના ૩૨ ગામોના હજ્જારો ભક્તો પિયાવામાં



ઉપસ્થિત રહ્યા હતા. શાકોત્સવની પરંપરા ભગવાન સ્વામિનારાયણ વખતથી ચાલી આવે છે. આચાર્યશ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજના ૫૦મા જન્મોત્સવ નિમિત્તે રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. પરમ પૂજ્ય ૧૦૮ શ્રી લાલજી મહારાજશ્રીની આજ્ઞાથી અન્ય વિવિધ સેવાકિય પ્રવૃત્તિઓ અવિરત ચાલતી જ હોય છે, જેમ કે ચોમાસામાં તાડપત્રી, શિયાળામાં બ્લેન્કેટ, બાળકોને નોટબુક વિતરણ કરવામાં આવે છે. આ ઉપરાંત વૃક્ષારોપણના કાર્યક્રમો, માનવ સેવા માટે રક્તદાન અને જ્યારે કોઈ કુદરતી આફતો આવે ત્યારે ફૂડ પેકેટ, ટિફિન સહાય જેવી ઘણી બધી વિવિધ પ્રવૃત્તિઓ svg.rog/charity દ્વારા કરવામાં આવે છે.

# અમરેલી જિલ્લાના ૧૨ શહેરમાં યુવક કોંગ્રેસ પ્રમુખોની નિમણૂંક

અમરેલી,તા.૨૧

અમરેલી જિલ્લા યુવક કોંગ્રેસના પ્રમુખ સંદીપ ધાનાણી દ્વારા અમરેલી જિલ્લાના ૧૨ શહેર યુવા પ્રમુખની નિમણૂંક કરવામાં આવી જેમાં અમરેલી શહેર પ્રમુખ તરીકે તેજસભાઈ મસરાણી, ચલાલા શહેર પ્રમુખ તરીકે અર્જુનભાઈ કાકડીયા, કુંકાવાવ ગામ પ્રમુખ તરીકે નીખીલભાઈ ચુડાસમા, વડીયા ગામ પ્રમુખ તરીકે હર્ષભાઈ તેરૈયા, સા.કુંડલા શહેર પ્રમુખ તરીકે પરીક્ષિતભાઈ શિયાળ, લીલીયાના પ્રમુખ તરીકે રૂપાભાઈ શિરોયા, રાજુલા શહેર પ્રમુખ તરીકે રવજીભાઈ મહીડા, જાફરાબાદ શહેર પ્રમુખ તરીકે મુદસર થૈયમ, ધારી શહેરના પ્રમુખ તરીકે રાજેશભાઈ ગુજરવાડિયા, ખાંભા ગામ પ્રમુખ તરીકે જયદેવસિંહ રાઠોડ, બગસરા શહેર પ્રમુખ તરીકે વિમલભાઈ સાવલિયા, લાઠી શહેર પ્રમુખ તરીકે રાજભાઈ ચાડની નિમણૂક કરાઈ છે જેને અમરેલી જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પ્રતાપભાઈ દુધાત, પરેશભાઈ ધાનાણી સહિતનાઓએ આવકારી છે.

# અમરેલી સારહી યુથ કલબ દ્વારા આયુષ્યમાન અને રેશનકાર્ડ કેમ્પ યોજાયા

અમરેલી,તા.૨૧

અમરેલી શહેરના વોર્ડ નંબર ૬ ખાતે સારહી યુથ કલબ અને તાલુકા હેલ્થ કચેરીના સંયુક્ત ઉપક્રમે આયુષ્યમાન વય વંદના કાર્ડ અને રેશનકાર્ડ માટેનો ઈ-કેવાયસી કેમ્પ યોજાયો હતો. આ કેમ્પનો હેતુ ૭૦ વર્ષથી વધુ ઉંમરના વયોવૃદ્ધોને તેમના ઘરની નજીક જ આ સુવિધાઓ ઉપલબ્ધ કરાવવાનો હતો. ભારત સરકારની પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના હેઠળ



આપવામાં આવતું આયુષ્યમાન વય વંદના કાર્ડ અને રેશનકાર્ડ ઈ-કેવાયસી દ્વારા નાગરિકોને વિવિધ સરકારી યોજનાઓનો લાભ મળી શકે છે. આ કેમ્પમાં સુરેશભાઈ શેખવા, ચંદુ રામાણી, ચિરાગભાઈ ત્રિવેદી, મનીષાબેન રામાણી, અલ્કાબેન ગોંડલીયા સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. તેમણે આ પ્રકારના કેમ્પ દ્વારા વયોવૃદ્ધોને મળતી સુવિધાઓ વિશે માહિતી આપી હતી.

# અમરેલી કોર્ટ બહાર યુવતી પર જીવલેણ હુમલો

અમરેલી,તા.૨૧

અમરેલી કોર્ટ બહાર યુવતી પર જીવલેણ હુમલો કરવામાં આવ્યો હતો. બનાવ અંગે મૂળ ખાંભાના મોટા સમઢીયાળા ગામના ખુશ્બુબેન રમેશભાઈ દાફડાએ રાજસ્થળી ગામના દિલીપભાઈ મનસુખભાઈ પરમાર સામે નોંધાવેલી ફરિયાદ મુજબ, તેઓ ફોર્મ ભરવા તેમના ભાઈ તથા મામી સાથે રીક્ષામાં બેસી કોર્ટમાં આવ્યા હતા. તે સમયે કોર્ટની બહાર આરોપીએ જૂના મનદુઃખમાં સ્ટીલના પાઈપ વડે મુંઢમાર મારીને ગાળો બોલી જાનથી મારવાની ધમકી આપી હતી. દિલીપભાઈ મનસુખભાઈ પરમારે પણ આરોપીઓ સામે કોર્ટ કેસમાં સમાધાન કરવાનું જણાવતાં ઉશ્કેરાઈને ઢીકાપાટુનો મુંઢમાર માર્યો હોવાની ફરિયાદ નોંધાવી હતી.

નિકુંજભાઈ (મો)૭૩૫૯૦ ૪૩૨૪૧
MARUTI SUZUKI
TOYOTA
TATA
Mahindra
HYUNDAI
મહાદેવ મોટર્સ
દરેક પ્રકારની ડીઝલ - પેટ્રોલ કારનું મીકેનીકલ કામ તથા એલ.પી.જી. અને સી.એન.જી. રીપેરીગ તેમજ એ.સી તથા બ્રેક ડાઉન વિશ્વાસપાત્ર રીપેર કરી આપીશું તેમજ વોશિગ કરી આપીશું
લીલીયા રોડ, બાયપાસ ચોકડી, દાદાભગવાન મંદિરની આગળ, ખારા વાડી, અમરેલી

# અમરેલી રેડક્રોસ સોસાયટી દ્વારા નેત્ર નિદાન કેમ્પ યોજાશે

**મોટી સંખ્યામાં લાભ લેવા દર્દીઓને ડો. ભરત કાનાબારનો અનુરોધ**

અમરેલી, તા.૨૧

રેડક્રોસ સોસાયટી સ્ટેટ બ્રાન્ચના સહયોગથી અમરેલી રેડક્રોસ સોસાયટી દ્વારા ૨૪ ડિસેમ્બર, ૨૦૨૪, મંગળવારના રોજ વિનામૂલ્યે આંખોની તપાસ અને મફત ચશ્મા વિતરણ કેમ્પ યોજાશે. અમરેલી સિવિલ હૉસ્પિટલ પાછળ આવેલી રેડક્રોસ બ્લડ બેંક ખાતે મંગળવારે સવારે ૯ થી બપોરે ૧૨ કલાક સુધી આ કેમ્પ યોજાશે. કેમ્પમાં વિનામૂલ્યે ચશ્મા મેળવવા માત્ર ૫ રૂપિયા ભરીને રજિસ્ટ્રેશન કરાવવું પડશે. કેમ્પનો મોટી સંખ્યામાં લાભ લેવા અમરેલી રેડક્રોસ સોસાયટીના ચેરમેન ડૉ. ભરત કાનાબારે જણાવ્યું છે.

વી. કે. મોટર્સ
VK MOTORS
Giving you joy of Best Ride...
MARUTI SUZUKI | HONDA | TOYOTA | Ford | HYUNDAI
CAR SERVICE <> SPARE <> INSURANCE
તમામ પ્રકારની ગાડીનું રીપેરીંગ તેમજ કલેમ ઈન્સ્યોરન્સમાં રીપેરીંગ કરી આપવામાં આવશે.
ઈન્સ્યોરન્સ કેશલેસ સુવિધા
તમામ પ્રકારના ઈન્સ્યોરન્સનું કામ કરી આપવામાં આવશે.
વિપુલ કાનપરીયા + ૯૧ ૯૯૨૪૨ ૫૭૯૮૧
લાઠી રોડ, બાયપાસ ચોકડી, યામાહા શો રૂમ સામે, અમરેલી.
e_mail : kanpariyavipul4025@gmail.com

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારુતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)
વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ, રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com



નવનીત ઓટો સેન્ટર
ગોપી સિનેમા પાસે, સ્ટેશન રોડ,
અમરેલી ફો.૭૫૭૪૮૨૭૩૦૦

મુકેશ સંધાણી 94281 45595
New Number 97230 67130
હર્ષદ સંધાણી 98242 33314
અમારા માટે કોઈ કામ નાનું કે મોટું નથી
ઓલ મેજર એન્ડ માઈનોર રીપેર જોબ
ઓલ એકસીડેન્ટલ રીપેર જોબ • વ્હિલ એલાઈમેન્ટ- બેલેન્સીંગ
ઓલ મીકેનિકલ એન્ડ ઈલેકટ્રીકલ જોબ
સસ્પેન્શન ઓવરહોલીંગ • એસી જોબ • એન્જીન જોબ
હેડલાઈટ બાર્ફિંગ જોબ • ઈન્ટીરીયર વોશિંગ
વોશિંગ એન્ડ કલીનીંગ • ઈન્શયુરન્સ પોલીસી
શું કામ તમે અમારી સર્વિસ પસંદ કરશો ?
વ્યાજબી ભાવ | શ્રેષ્ઠ ગ્રાહક સેવા | ગુણવતાયુકત કામ | પ્રોફેશનલ અને સ્કીલડ ટીમ
મુકેશ મોટર ગેરેજ Info.mmgamr.gmail.com
C/O પટેલ ગેરેજ, ચકકરગઢ રોડ, અમરેલી, મો. ૯૪૨૮૧ ૮૭૪૭૯

# રાજુલા સિવિલ હોસ્પિટલના આઉટસોર્સના કર્મચારીઓની બીજા દિવસે પણ હડતાલ

અમરેલી,તા.૨૧



રાજુલા જનરલ સિવિલ હોસ્પિટલમાં આઉટસોર્સ એજન્સીના ૪૪ જેટલા કર્મચારીઓમાં અલગ અલગ વર્ગ ૩ અને વર્ગ ૪ના કર્મચારીઓનો સમાવેશ થાય છે. જેમા ૫ જેટલા કર્મચારીઓને ગેરકાયદેસર રીતે એજન્સી દ્વારા સસ્પેન્ડ કરી છુટ્ટા કરતા કર્મચારીઓ નારાજગી સાથે ગઈકાલ સવારથી હડતાળ ઉપર ઉતરી ગયા છે. આજે કર્મચારીઓ અને સામાજિક આગેવાનો દ્વારા જિલ્લા કલેકટર કચેરીમાં આવેદનપત્ર આપી ન્યાય આપવા માટેની રજૂઆત કરવામાં આવી હતી. રાજય સરકાર આ કર્મચારીઓને ન્યાય આપે તેવી અને રાજુલા હોસ્પિટલની એજન્સી દ્વારા ડોક્યુમેન્ટ વેરિફિકેશનના નામે બોલાવી રૂપિયા માંગતા હોવાનો અને રૂપિયા ન આપે તો સસ્પેન્ડ કરવાની ધમકીઓ આપે છે તેવો આક્ષેપ કરવામાં આવ્યો હતો. ઈચ્છામૃત્યુની માંગ સાથે કલેકટર સમક્ષ માંગણી કરવામાં આવી હતી.

શાળામાં શિક્ષકોને જૂથબંધી બંધ કરી દેવા સંચાલક મંડળની તાકિદ

# બગસરા મેઘાણી હાઈસ્કૂલ ખાતે સંચાલક મંડળની શિક્ષકો સાથે બેઠક

અમરેલી,તા.૨૧

બગસરા મેઘાણી હાઈસ્કૂલમાં છેલ્લાં ઘણા સમયથી શાળામાં અમુક વિદ્યાર્થીઓનો ત્રાસ વધી ગયો હોય તેમજ માથાભારે વિદ્યાર્થીઓ શિક્ષકોને ગાંઠતા ન હોય તો અમુક શિક્ષકો માથાભારે વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપતા હોવાથી ફરિયાદ સંચાલક મંડળ સુધી પહોંચતા આજે સંચાલક મંડળ દ્વારા શિક્ષકો સાથે બેઠક યોજી કડક સૂચના આપવામાં આવી હતી. પાલિકા પ્રમુખ પ્રતિનિધી એ.વી. રીબડીયા, શિક્ષણ સમિતિ ચેરમેન પ્રતિનિધી જયંતિભાઈ મકવાણા, સદસ્ય રાજુભાઈ ગીડાએ મેઘાણી હાઈસ્કૂલમાં શિક્ષકો સાથે બેઠક યોજી હતી. જેમાં જે વિદ્યાર્થીઓ શિક્ષકોને ગાંઠતા નથી તેવા વિદ્યાર્થીઓનું શાળામાંથી નામ કમી કરવુ, શિક્ષિકાઓ અસલામતી અનુભવે છે તેઓને રક્ષણ આપવુ, તેમજ શિક્ષકોની અંદર જૂથવાદ હોય તેને બંધ કરી દેવા તાકિદ કરી હતી તેમજ જો સુપરવાઈઝર વિદ્યાર્થીઓને કાબુમાં રાખી શકે તેમ ન હોય તેઓને આ પદ પરથી દુર કરવાની પણ ચીમકી આપી હતી. અત્રે નોંધનીય છે કે ભુતકાળમાં બે શિક્ષકો પર શાળામાં જ હુમલા કરવામાં આવ્યા હતા છતાં કોઈ આગળ આવ્યુ નહોતું. જેથી શાળાની કથળતી સ્થિતિ વિશે સંચાલક મંડળે શિક્ષકોને કડક હાથે કામ લેવા અને શિક્ષણ પર ભાર મુકવા જણાવ્યું હતું.

# ધારી બજરંગ ગૃપ દ્વારા દાતાના સહયોગથી ધાબળા વિતરણ કરાયું



તસવીર : સંજય વાળા

ધારી,તા.૨૧

ધારીમાં સેવાકિય પ્રવૃત્તિમાં અગ્રેસર રહેના બજરંગ ગૃપ દ્વારા દાતાના સહયોગથી ધારીના ગ્રામ્ય વિસ્તારોમાં ધાબળાનું વિતરણ કરવામાં આવ્યું હતું. દાતા નિરૂબેન માધવાણી દ્વારા આ સેવાકિય કાર્ય કરવામાં આવતા બજરંગ ગૃપ દ્વારા આભાર માનવામાં આવ્યો હતો.

# અલ્ટ્રાટેક સિમેન્ટ કંપની દ્વારા ટીબીના દર્દીઓને પોષણયુક્ત કિટનું વિતરણ

જાફરાબાદ, તા.૨૧




જાફરાબાદ તાલુકાના તમામ ટીબીના દર્દીઓને અલ્ટ્રાટેક સિમેન્ટ દ્વારા પોષણયુક્ત કિટ વિતરણ કરવામાં આવી હતી. દેશમાં ચાલી રહેલ ટીબી મુક્ત ભારત અંતર્ગત દર મહિને પોષણ કિટ આપવામાં આવે છે. તાલુકા હેલ્થ ઓફિસર ડો. ટાંકના માર્ગદર્શન મુજબ આ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. અલ્ટ્રાટેક સિમેન્ટ કંપનીમાંથી વિનીત રાણા, મેડિકલ ઓફિસર ડો. કિંજલકુમાર ગજ્જર, સી.એચ. આર. લાલજી ગજ્જર અને સિનિયર ટ્રીટમેન્ટ સુપરવાઈઝર સંદિપભાઈ જોષીએ આ કાર્યક્રમને સફળ બનાવવા માટે ભારે જહેમત ઉઠાવી હતી.

# મોટા દેવળીયા ગામે પરિણીતાને પતિએ ઢીકાપાટુ માર્યા

બાબરા, તા. ૨૧

બાબરાના મોટા દેવળીયા ગામે રહેતી એક પરિણીતાને તેના પતિએ ઢીકાપાટુ માર્યા હતા. બનાવ અંગે ડિમ્પલબેન પ્રકાશભાઈ સાનેપરાએ પતિ પ્રકાશભાઈ દિલીપભાઈ સાનેપરા, રસીલાબેન, મોટા સસરા કરશનભાઈ તથા જીગાભાઈ કરશનભાઈ સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ પતિ, સાસુ, કાકાજી સસરા અને દિયરે અવારનવાર મેણાટોણા માર્યા હતા તેમજ પતિએ ઢીકાપાટુનો મુંઢમાર માર્યો હતો અને દુઃખ-ત્રાસ આપ્યો હતો.

# સા.કુંડલામાં આવેલ એટીએમમાં ચોરી કરવાનો પ્રયાસ કરનાર શખ્સ ઝડપાયો

સાવરકુંડલા, તા.૨૧



તસવીર : સૌરભ દોશી

સાવરકુંડલામાં આવેલ એસબીઆઈના એટીએમને તસ્કરોએ નિશાન બનાવી રૂપિયા એક લાખથી વધારે કિંમતનું નુકસાન પહોંચાડ્યું હતું. બનાવ અંગે એસબીઆઈની દરબારગઢ શાખાના બ્રાન્ચ મેનેજર ભૂપેન્દ્ર સત્યનારાયણ મીનાએ અજાણ્યા ઈસમ સામે નોંધાવેલી ફરિયાદ મુજબ, અજાણ્યા ઈસમે એસબીઆઈ શાખાના સીડીએમ (એટીએમ)ના રૂમમાં પ્રવેશી તેને રૂ. એક લાખથી વધારે કિંમતનું નુકસાન પહોંચાડ્યું હતું. પોલીસે ગણતરીના કલાકોમાં જ નુકસાન પહોંચાડનાર આરોપીને ઝડપી પાડ્યો હતો.

શાંત અને રમણીય વાતાવરણ
સૌથી વિશાળ પાર્કિંગ ધરાવતી હોટેલ
24 X 7 ૨૪ કલાક માટે
એ.સી.રૂમ રૂ.૯૯૯
ડીલક્સ રૂમ રૂ.૧૧૯૯
હોટેલ હોલીડે
M.8238744144
HOLIDAY HOTEL
સારથી માર્કેટ, નવા માર્કેટયાર્ડ સામે, સાવરકુંડલા રોડ,અમરેલી

## અવસાન નોંધ

**રાજકોટ**

સ્વ. મનહરભાઈ દેશાજીભાઇ પરમાર ( નિવૃત્ત સરકારી કર્મચારી ) તેમજ નાત્યક્ષેત્રે ઝળહળતી સિદ્ધિઓ સર કરનાર રંગકર્મીનું અવસાન તા.૨૦/૧૨/૨૦૨૪ના રોજ થયેલ છે. તેમનું સદ્દગત બેસણું તા.૨૨/૧૨/૨૦૨૪ને રવિવારના રોજ સાંજે ૪ થી ૬ બૌદ્ધ વિહાર અનામિકા સોસાયટી ભાગ-૨, રૈયા ટેલિફોન એક્સચેન્જ પાસે, ૧૫૦ફૂટ રીંગ રોડ, રાજકોટ ખાતે રાખેલ છે.

ઉત્સવ મીની મીલનું ફકત G20 ન અભિન (પલળીચા વગરની) સહપ્રનંદભાઈનું.... આપની નજર સામે જ....
G20 મગફળીનું અને તલનું તેલ ભરી આપીશું.
વડેરા-અમરેલી બન્ને જગ્યાએથી મળશે.
ઉત્સવ મીની મીલ (ઘાણીનું તેલ)
સ્થળ: ઉત્સવ મીની મીલ (ઘાણીનું તેલ) અમરેલી રાધેશ્યામ બાયપાસ ચોકડી ઉપર, અમરેલી
Mo. 94269 61006 | 98790 56605 | 99785 14133

અરોમા પ્રિમીયમ બોડી સ્પા
ધમાકા ઓફર
AROMA PREMIUM BODY SPA
લેડીઝ માટે Rs.699/-
કપલ માટે Rs.1299/-
ભાઈઓ માટે એક સાથે એક ફ્રિ
એપોઈન્ટમેન્ટ માટે
M.8238599299
સરદાર કોમ્પલેક્ષ, કૈલાશ મુક્તિધામની સામે, કેરીયા બાયપાસ ચોકડી પાસે,અમરેલી-૩૬૫૬૦૧

અમરેલી જીલ્લાનું સૌથી મોટુ અને સૌ પ્રથમ ફેમીલી સલૂન એટલે.
• હેરકટ • ટેટુઝ • કેરાટીન • શાઈનર • હાઈલાઈટસ • નેલ આર્ટ • સ્મુથનીંગ • ફેસીયલ વીથ હાઈડ્રા • બોટોક્ષ • બ્રાઈડલ મેકઅપ • નેનો પ્લાસ્ટી • હેર એક્સટેન્શન • હેર રીપ્લેસમેન્ટ
Raj Unisex Saloon Since:1996
રાજ ફેમિલી સલૂન
ટ્રેન્ડ બાય : જાવેદ હબીબ
એપોઈન્ટમેન્ટ નં. 02792-224551/વોટસએપ : 90333 91778
ગીરીરાજ નગર, ઓમનગર મેઈન રોડ, ચિતલ રોડ, અમરેલી.

## :: અસલ રજીસ્ટર્ડ ફારગતી દસ્તાવેજ તથા અસલ રજીસ્ટર્ડ રસીદ ખોવાયા અંગેની જાહેર નોટીસ ::

આથી અમો નીચે સહી કરનાર એડવોકેટ અજય જે. રાઠોડ, રહે. અમરેલીવાળા આથી જાહેર જનતા જોગ આ જાહેર નોટીસ આપી જણાવીએ છીએ કે, ડીસ્ટ્રીકટ ભાવનગર સબ ડીસ્ટ્રીકટ વ તાલુકો ગારીયાધાર તાબાના ગારીયાધાર ગામે આવેલ સીટી સર્વે નંબર ૭૭૮, ની કુલ ૧૭૮-૮૧ ચો. મી. વાળી મીલકત આવેલ છે. જે મીલકત હાલ દેવીકાબેન મણીગીરી ગૌસ્વામી, રહે. ગારીયાધારવાળાની માલીકી કબજા ભોગવટાની મીલકત આવેલ છે.

આ ઉપરોકત મીલકતના ઉતરોતર દસ્તાવેજો પૈકી રજી.ફારગતી દસ્તાવેજ નંબર ૬૫૫, તા ૧૦/૮/૨૦૧૫ ના રોજનો અસલ તથા તેની અસલ રજીસ્ટર્ડ રસીદ કે જે રસીકગીરી મહારાજગીરી ગૌસ્વામીના નામનો છે, તે અસલમાં ખોવાઈ ગયેલ છે, તેવી માહીતી અમોને આપેલ છે, જેથી ઉપરોકત અસલ રજીસ્ટર્ડ દસ્તાવેજ તથા અસલ રજીસ્ટર્ડ રસીદ જો કોઈને મળેલ હોય કે મળે તો તેમણે નીચે જણાવેલ સરનામે દિન - ૭ માં જાણ કરવા અગર પંહોચતા કરવા આથી જાણ કરવામાં આવે છે. આ ઉપરાંત મીલકતની માલીકી બાબતેના ટાઈટલ બાબતે કોઈને પણ કોઈ પણ પ્રકારનો હકક હીત સંબધ હોય તો તે હકક-હીત સંબધેના જરૂરી આધાર પુરાવાઓ અમારી પાસે દિન - ૭ ની અંદર અમારા નીચેના સરનામે રજુ કરશો. આ ઉપરોકત મીલકત સંબધે કોઈ પણ પ્રકારના રેવન્યુ ખાતામાં, પંચાયત વિભાગમાં, કે કોઈ પણ પ્રકારની કોર્ટમાં કે અન્ય કોઈ પણ જગ્યાએ વાદ વિવાદ ચાલતા હોય કે ચાલેલ હોય તો તેવા વાદ વિવાદના પક્ષકાર કે પક્ષકારોએ સાધનીક કાગળો સાથે આ નોટીસની તારીખથી દિન-૭ માં અમારો નીચેના સરનામે સંપર્ક કરવો. જો તેમ નહી કરવામાં આવે તો આ ઉપરોકત મીલકત ટાઈટલ કલીયર છે તેવુ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. ત્યારબાદ કોઈ પણનો વાંધો વચકો કે તકરાર ચાલશે નહી જેની જાહેર જનતાને નોંધ લેવી

**તા.૨૨/૧૨/૨૦૨૪**
**અમરેલી.**

**અજય જે. રાઠોડ એડવોકેટ**
**જુના માર્કેટયાર્ડ, પહેલા માળે,**
**હરીરામ હોલસેલ માર્કેટ,**
**કોગ્રેસ કાર્યાલયની સામે, અમરેલી**
**મો. નં.૯૮૨૪૯ ૩૦૩૧૬**

ડાઈનિંગ ટેબલ, સોફા સેટ અને પીવીસી ફર્નિચરની વિશાળ રેન્જ હવે આપણા અમરેલીમાં એ પણ તદ્દન વ્યાજબી ભાવમા એકમાત્ર સ્થળે
શ્રી હરી પીવીસી ફર્નિચર
ચક્કરગઢ રોડ, હિરામોતી ચોક, બિનહરીફ દાબેલીની બાજુમા, અમરેલી
સંપર્ક: 9925084788 8200268079

નિત્યા સ્કીન કિલનીક
સ્કીન | હેર | કોસ્મેટોલોજી | લેસર
ઉપલબ્ધ સારવાર
• ચામડીના રોગો દાદર, ખસ, ખરજવું, હઠીલા રોગોની સારવાર
• વાળ તથા નખને લગતા રોગોની સારવાર
• એલર્જી તથા ગુપ્ત રોગોની સારવાર
• અણગમતા વાળ માટે Diode Laser Hair Reduction ની સારવાર
• Tattoo Remove તથા Pigmentation માટે Active Q Switch Laser ની સારવાર
• Hydra Facial, Carbon Facial, Oxygeneo Facial
• Botox, Filler, Thread Lift
• Hair Transplantation
ડો. જુહી ઠક્કર
M.D. (Skin & VD)
ફેલોશીપ ઈન લેસર્સ એન્ડ કોસ્મેટીક્સ
ચામડી, નખ, વાળ, ગુપ્ત રોગો તથા કોસ્મેટીકનાં નિષ્ણાંત
કેસ નોંધાવવા માટે : Mo. 93135 71971

રુદ્રમ ઓર્થોપેડીક હોસ્પિટલ
ઉપલબ્ધ સારવાર
• જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરી Hip (થાપા), Knee (ઢીચણ), Shoulder (ખભો), Elbow (કોણી)
• દૂરબીન વડે સાંધાના ઓપરેશનની સારવાર (Arthroscopy) • સાંધા બચાવવાનું ઓપરેશન (HTO)
• ગંભીર ફ્રેકચર તથા એક્સીડેન્ટ કેસની સારવાર • કમરના મણકાની ઈજા તથા ખસી ગયેલ ગાદીની સારવાર
• રશિયન પધ્ધતિથી સારવાર (Ilizarov) • અમરેલી જિલ્લાનું સૌપ્રથમ DR સિસ્ટમવાળુ ડીજીટલ એક્સ-રે-મશીન
• બે કલાસ 100 મોડયુલર ઓપરેશન થીયેટર
ડો. પ્રતિક પ્રજાપતિ
M.S. Ortho DNB Ortho FIAS
કન્સલ્ટન્ટ જોઈન્ટ રિપ્લેસમેન્ટ એન્ડ ઓર્થોસ્કોપી સર્જન
કેસ નોંધાવવા માટે : Mo. 99250 76561
પરમ હાઈટ્સ, બીજો માળે, ICICI Bank ની બાજુમાં, મોટા બસ સ્ટેન્ડ પાસે, અમરેલી | O.P.D. સમય : સવારે 9:00 થી 1:00, સાંજે 5:00 થી 8:00 (સોમ થી શનિ), રવિવારે સવારે 10:00 થી 1:00

# સા.કુંડલાના લીખાળા ગાધકડા ગામે રોડનું સમારકામ થયું

સાવરકુંડલા, તા.૨૧



સાવરકુંડલાના લીખાળા ગાધકડા ગામે રોડનું સમારકામ શરૂ થતાં ખુશી વ્યાપી હતી. જ્યાં સુધી રોડના રીસરફેસિંગ ટેન્ડરની પ્રક્રિયા પૂરી ન થાય ત્યાં સુધી કામ શરૂ ન થતા આ રોડ ખૂબ જ ખરાબ હાલતમાં હોવાથી ગામ લોકોને અને ટ્રાફિકમાં ખૂબ જ તકલીફ પડતી હતી. આથી સ્થાનિક ધારાસભ્યએ સંબંધિત વિભાગને રોડનું કામ તાત્કાલિક ધોરણે કરવા સૂચના આપી હતી. પૂરક રોડનું સમારકામ શરૂ થતા તમામ ગામ લોકોએ ધારાસભ્ય પ્રત્યે આભાર વ્યક્ત કર્યો હતો. આ અંગે તાલુકા પંચાયતના પ્રમુખ જીતુભાઈ કાછડીયા, ગામના સરપંચ અને ભાજપ અગ્રણી નિલેશભાઈ કચ્છી દ્વારા પણ ધારાસભ્યને રૂબરૂ મળી ખાસ આભાર વ્યક્ત કરવામાં આવેલ હતો.

## જાફરાબાદના સરકેશ્વર દરિયા કાંઠે

# ઓઈલ પદાર્થને બહાર કાઢી તેનો નિકાલ કરવાની મોક એક્સરસાઈઝ યોજાઈ

જાફરાબાદ, તા.૨૧



અમરેલી જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન તંત્ર દ્વારા શોરલાઈન ક્લિન-અપ મોક એક્સરસાઈઝ અંતર્ગત મશીન અને માનવબળના સંયુક્ત કર્મયોગથી જાફરાબાદના સરકેશ્વર દરિયાકાંઠે મોક એક્સરસાઈઝ કરવામાં આવી હતી. ટીમ વર્ક દ્વારા વિવિધ સંસાધનો જેવા કે, ઓઈલને દરિયામાં વધુ પડતું પ્રસરાતું અટકાવવા માટે બુમ, ઓઈલ-પાણી-રેતીને અલગ તારવતું મશીન સ્કીમર, મલ્ટી સ્કીમર, હાઈડ્રોલિક પંપ, ૧૦, ૦૦૦ લીટર કેપેસિટી ધરાવતી ટૉ-ટૅંક, ઓઈલ નિકાલ કરવા માટેના ડ્રમ દ્વારા એક સંયુક્ત રણનીતિના ભાગરુપે મશીન અને માનવબળના જોરે નક્કી કરેલા ૧૦૦ મીટર વિસ્તાર ટાર્ગેટ એરિયામાં દરિયાની સ્વચ્છતા માટે દરિયામાં રહેલા દૂષિત પાણીને ચોક્કસ રીતે સંગ્રહિત કરી દરિયાકાંઠા વિસ્તારની સફાઇ હાથ ધરવામાં આવી હતી. સરકેશ્વર ખાતે યોજાયેલ આ મોક એક્સરસાઈઝમાં અમરેલી આપત્તિ વ્યવસ્થાપન તંત્ર, કોસ્ટગાર્ડ, મેરીટાઈમ બોર્ડ, ફીશરીઝ, પોલીસ, આરોગ્ય, ફાયરબ્રિગેડ, પોલ્યુશન કંટ્રોલ બોર્ડ, ઔદ્યોગિક સ્વાસ્થ્ય અને સલામતી, વન વિભાગ, પ્રાંત કચેરી રાજુલા, રાજુલા-જાફરાબાદ નગરપાલિકા અને તાલુકા વહીવટીતંત્ર, પીપાવાવ પોર્ટ, એપીએલ ટર્મિનલ, અલ્ટ્રાટેક, જીએમબી, સિન્ટેક્સ સહિત વિવિધ ખાનગી કંપનીના અધિકારીઓ અને કર્મયોગીઓ સહિતના ઉપસ્થિત રહ્યા હતા.

# રાજુલાના ઉંટીયા ગામે મકાન બનાવવા મુદ્દે કુટુંબીજનોમાં માથાકૂટ થઈ

રાજુલા, તા.૨૧

રાજુલાના ઉંટીયા ગામે મકાન બનાવવા મુદ્દે કુટુંબીજનોમાં માથાકૂટ થઈ હતી. બનાવ અંગે જસુભાઈ સાદુળભાઈ લાખણોત્રા (ઉ.વ.૨૪)એ જીકારભાઈ ભીખાભાઈ લાખણોત્રા, નાજભાઈ ભીખાભાઈ લાખણોત્રા તથા વાજસુરભાઈ ભીખાભાઈ લાખણોત્રા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમના ઘરની આગળની શેરીમાં રહેતા આરોપીએ તેમના ચાલવાના રસ્તામાં ડેલી મુકવા ડોગરા ગાળ્યા હતા. જેથી તેને સમજાવવા જતાં ગાળો આપી હતી. તેમજ તેમના પિતાને પણ મુંઢમાર માર્યો હતો અને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જે બાદ ઝીકારભાઈ ભીખાભાઈ લાખણોત્રા (ઉ.વ.૪૦)એ જસુભાઈ સાદુળભાઈ લાખણોત્રા સામે નોંધાવેલી ફરિયાદ મુજબ, તેની ડેલી બનવવા મજૂરો દ્વારા કામ કરવામાં આવતું હતું. જેથી આરોપીને ગમતું ન હોવાથી લોખંડના પાઈપ વડે માર માર્યો હતો તેમજ તેમના માતાને પણ કપાળ પર પાઈપ મારીને ઈજા પહોંચાડી હતી. ડુંગર પોલીસ સ્ટેશનના એએસઆઈ એમ.કે. પીછડીયા વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલીના વોર્ડ નં.૫ ખાતે આયુષ્યમાન વય વંદના કાર્ડ, રેશનકાર્ડ ઈ-કેવાયસી કેમ્પ યોજાયો

અમરેલી, તા.૨૧



ભારત સરકારની યોજનાઓની સરળ ઉપલબ્ધતા માટે આયુષ્યમાન વય વંદના કાર્ડ અને રેશનકાર્ડ ઈ-કેવાયસી પ્રક્રિયા હાલમાં ચાલી રહી છે. આ પ્રક્રિયાનો બહોળા પ્રમાણમાં લોકો લાભ લઈ રહ્યા છે. પરંતુ આ પ્રક્રિયામાં વયોવૃધ્ધજનો કે જે ૭૦ વર્ષ કે તેથી વધુ વય ધરાવતા હોય તેમને ઘરની નજીક સુવિધા પુરી પાડવા સેવાભાવી સંસ્થા સારહિ યુથ કલબ ઓફ અમરેલી અને તાલુકા હેલ્થ કચેરી તરફથી શહેરના વોર્ડ નં. ૫ ના રામજી મંદિર, ભોજલ પરા, કેરીયા રોડ ખાતે કેમ્પનું આયોજન કરવામાં આવેલ, જેમાં બહોળા પ્રમાણમાં લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં યુવા અગ્રણી અને સારહિ તપોવન આશ્રમના પ્રણેતા મુકેશભાઈ સંઘાણી, નગરપાલિકા પ્રમુખ બિપીનભાઈ લીંબાણી, મનિષભાઈ ઘરજીયા, સુરેશભાઈ શેખવા, સંજય(ચંદુ) રામાણી, ચિરાગભાઈ ચાવડા, ઉર્મિલાબેન માલવીયા, હરેશભાઈ (હરિ) કાબરીયા સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# સાવરકુંડલાના આંબરડી ગામે ઈફકોની ખેડૂત શિબિર યોજાઈ

સાવરકુંડલા, તા.૨૧




ઈફકો ન્યુ દિલ્હી અને શ્રી આંબરડી સેવા સહકારી મંડળીના સંયુક્ત ઉપક્રમે આંબરડી મુકામે નેનો યુરિયા અને નેનો ડી.એ.પી., જંતુનાશક દવા બાબતે ખેડૂત શિબિર યોજાઈ હતી. જેમાં ઉપસ્થિત એ.પી.એમ.સી. સાવરકુંડલા ચેરમેન દિપકભાઈ માલાણી, ઈફકો પ્રતિનિધિ રામાણી સાહેબ, જમીન વિકાસ બેંક સાવરકુંડલા શાખાના વાઈસ ચેરમેન બાબુભાઈ માલાણી, સરપંચ પ્રેમજીભાઈ બગડા તથા ખેડૂત ભાઈઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ગાવડકા ગામે નબળા વિચાર આવતા પરિણીતાએ ઝેરી દવા પીધી

અમરેલી, તા.૨૧

અમરેલીના ગાવડકા ગામે એક પરિણીતાને નબળા વિચાર આવતા હતા. જેથી મનમાં લાગી આવતાં પોતાની મેળે ઝેરી દવાનો પાઉડર પી લીધો હતો. ધારીમાં રહેતી એક પરિણીતાએ ધોરીયામાંથી પીવાનું પાણી પીતા ઝેરી દવાની અસર થતાં તેની તબિયત લથડી હતી. જેથી સારવાર અર્થે ખસેડવામાં આવી હતી.

# બગસરામાં પૈસાની ઉઘરાણીમાં યુવકને કોદાળીનો ઘા મારતા પોલીસ ફરિયાદ

**યુવકને જમણા હાથમાં ઘા મારતા કાંડા ઉપર સર્જરી તથા ટાંકા આવ્યા**

બગસરા, તા.૨૧

બગસરામાં બાકી પૈસાની ઉઘરાણી કરતાં યુવકને કોદાળીનો ઘા મારવામાં આવ્યો હતો. બનાવ અંગે દિનેશભાઈ ગોવિંદભાઈ ત્રાપસીયા (ઉ.વ.૪૫)એ વિપુલભાઈ લવજીભાઈ નકુમ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તે આરોપી પાસે બાકી પૈસા લેવા જતા આરોપીને સારું નહોતું લાગ્યું. તેમણે ગાળો આપવાની ના પાડતા ઉશ્કેરાઈ જઈ લાકડાના હાથાવાળી કોદાળી વડે એક ઘા માથામાં પાછળના ભાગે મારી સામાન્ય ઈજા કરી હતી. તેમજ બીજો ઘા જમણા હાથની કલાઈ ઉપર મારી સર્જરી તથા ટાંકા આવે તેવી ઈજા કરી બન્ને પગમાં મુંઢમાર માર્યો હતો. બગસરા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ સાજીદભાઈ હુસેનભાઈ વધુ તપાસ કરી રહ્યા છે.

# વડીયાના દેવગામની યુવતી ઘરેથી ચાલી નીકળી

વડીયા, તા.૨૧

વડીયાના દેવગામમાં રહેતી એક યુવતી ઘરેથી ચાલી નીકળી હતી. બનાવ અંગે હરેશભાઈ સીદીભાઈ ચાવડા (ઉ.વ.૩૯)ની પુત્રી આરતી (ઉ.વ.૧૮) કોઈને જાણ કર્યા વગર ઘરેથી ચાલી નીકળી હતી. ઘણી શોધ કરવા છતાં કોઈ ભાળ ન મળતાં પોલીસને જાણ કરાઈ હતી. વડીયા પોલીસ સ્ટેશનના પ્રો.એ.એસ.આઈ આર.જે. રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

# લીલીયાના ગાવડકા ગામના યુવકને ગાળો આપી જાનથી મારવાની ધમકી આપી

## દાડમા ગામના બે લોકો સામે ફરિયાદ નોંધાઈ

લીલીયા, તા.૨૧

અમરેલીના ગાવડકા ગામના યુવકને લીલીયાના દાડમા ગામના પાટીયા પાસે ગાળો આપી જાનથી મારવાની ધમકી આપવામાં આવી હતી. બનાવ અંગે ગાવડકા ગામના મેહુલભાઈ ખોડાભાઈ હેલૈયા (ઉ.વ.૨૯)એ દાડમા ગામના જીગ્નેશભાઈ ઉર્ફે જીગો આણંદભાઈ પરમાર તથા મનુભાઈ પરમાર સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેઓ તથા આરોપી જૂના મિત્રો હતા. જીગ્નેશભાઈને તેના પત્ની સાથે ઘણા સમયથી મનદુઃખ ચાલતું હતું. તેના પત્ની દ્વારા તેમના પતિ વિષે અવારનવાર ફોનમાં વાતો કરતા હોવાથી આરોપીને ગમતું નહોતું, આરોપીએ તેમને પોતાના ગામે બોલાવી ગાળો આપી છરી વડે ગળા તથા વાંસાના ભાગે મારી નાખવાના ઈરાદે મરણતોલ છરીના ઘા મારી ઢીકાપાટુનો માર માર્યો હતો. તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. લીલીયા પોલીસ સ્ટેશનના પીઆઈ આઈ.જે. ગીડા વધુ તપાસ કરી રહ્યા છે.

# સૌરાષ્ટ્રયાર્ડના ભાવ

### રાજકોટ

| | | |
|---|---|---|
| કપાસ બી.ટી. | ૧૩૫૦ | ૧૪૭૬ |
| ઘઉં લોકવન | ૫૯૦ | ૬૩૦ |
| ઘઉં ટુકડા | ૬૦૦ | ૬૫૧ |
| જુવાર સફેદ | ૭૧૦ | ૮૧૧ |
| જુવાર લાલ | ૮૦૦ | ૯૭૪ |
| જુવાર પીળી | ૪૦૦ | ૫૦૦ |
| બાજરી | ૪૫૦ | ૫૫૦ |
| તુવેર | ૧૧૦૦ | ૧૭૯૨ |
| ચણા પીળા | ૧૦૯૦ | ૧૨૯૦ |
| ચણા સફેદ | ૧૩૫૦ | ૨૪૦૦ |
| અડદ | ૧૨૭૫ | ૧૭૩૬ |
| મગ | ૧૧૫૦ | ૧૭૫૪ |
| વાલ દેશી | ૧૧૦૦ | ૧૩૦૦ |
| ચોળી | ૧૮૦૦ | ૨૫૭૦ |
| મઠ | ૮૧૦ | ૧૧૫૯ |
| કળથી | ૯૨૦ | ૧૦૮૦ |
| સીંગદાણા | ૧૨૬૦ | ૧૩૮૦ |
| મગફળી જાડી | ૮૭૦ | ૧૧૬૫ |
| મગફળી જીણી | ૮૯૦ | ૧૧૮૦ |
| તલી | ૨૧૧૫ | ૨૫૫૫ |
| એરંડા | ૧૧૧૦ | ૧૨૧૦ |
| અજમો | ૧૭૦૦ | ૨૨૬૦ |
| સોયાબીન | ૭૭૫ | ૮૨૧ |
| સીંગફાડા | ૧૦૫૦ | ૧૨૬૦ |
| કાળા તલ | ૩૧૫૦ | ૫૧૨૫ |
| લસણ | ૨૫૦૦ | ૪૦૨૦ |
| ધાણા | ૧૨૮૦ | ૧૫૧૫ |
| મરચા સુકા | ૭૫૦ | ૨૬૨૦ |
| ધાણી | ૧૩૨૧ | ૧૫૬૦ |
| વરીયાળી | ૧૦૩૦ | ૧૪૬૪ |
| જીરૂ | ૪૧૫૦ | ૪૫૮૦ |
| રાય | ૧૦૫૦ | ૧૩૧૪ |
| મેથી | ૧૦૦૦ | ૧૩૩૦ |
| ઇસબગુલ | ૧૬૬૦ | ૨૨૦૦ |
| કલોંજી | ૩૨૦૦ | ૩૬૧૪ |
| રાયડો | ૧૦૩૦ | ૧૧૩૦ |
| રજકાનું બી | ૪૦૦૦ | ૫૦૨૫ |
| ગુવારનું બી | ૮૮૦ | ૯૭૦ |

### રાજકોટ(શાકભાજી)

| | | |
|---|---|---|
| લીંબુ | ૨૫૦ | ૮૨૦ |
| બટેટા | ૨૦૦ | ૬૦૦ |
| ડુંગળી સુકી | ૮૫ | ૩૨૦ |
| ટમેટા | ૩૫૦ | ૭૦૦ |
| સુરણ | ૮૦૦ | ૧૦૦૦ |
| કોથમરી | ૨૦૦ | ૩૦૦ |
| મુળા | ૩૦૦ | ૫૦૦ |
| રીંગણા | ૧૦૦ | ૨૦૦ |
| કોબીજ | ૧૧૦ | ૨૨૦ |
| ફલાવર | ૧૬૦ | ૨૪૦ |
| ભીંડો | ૮૦૦ | ૧૦૦૦ |
| ગુવાર | ૧૨૦૦ | ૧૬૦૦ |
| ચોળાસીંગ | ૬૦૦ | ૮૦૦ |
| વાલોળ | ૩૨૦ | ૫૧૦ |
| ટીંડોરા | ૪૦૦ | ૭૦૦ |
| દુધી | ૨૦૦ | ૨૪૦ |
| કારેલા | ૫૦૦ | ૮૦૦ |
| સરગવો | ૧૨૦૦ | ૨૦૦૦ |
| તુરીયા | ૧૨૦૦ | ૧૪૦૦ |
| પરવર | ૯૦૦ | ૧૧૦૦ |
| કાકડી | ૮૦૦ | ૧૨૦૦ |
| ગાજર | ૨૫૦ | ૩૬૦ |
| વટાણા | ૧૦૦૦ | ૧૩૦૦ |
| તુવેરસીંગ | ૪૫૦ | ૮૧૦ |
| ગલકા | ૫૦૦ | ૭૦૦ |
| બીટ | ૨૦૦ | ૪૦૦ |
| મેથી | ૧૦૦ | ૩૦૦ |
| વાલ | ૬૦૦ | ૮૦૦ |
| ડુંગળી લીલી | ૧૦૦ | ૩૦૦ |
| આદુ | ૭૦૦ | ૯૦૦ |
| ચણા લીલા | ૨૦૦ | ૬૫૦ |
| મરચા લીલા | ૫૦૦ | ૮૦૦ |
| હળદર લીલી | ૬૦૦ | ૯૦૦ |
| લસણ લીલું | ૧૫૦૦ | ૩૫૦૦ |
| મકાઇ લીલી | ૨૦૦ | ૩૨૦ |

### જામનગર

| | | |
|---|---|---|
| કપાસ | ૧૨૦૦ | ૧૪૬૫ |
| જુવાર | ૬૦૦ | ૬૮૦ |
| બાજરો | ૫૦૦ | ૫૭પં |
| ઘઉં | ૫૪૦ | ૬૫૬ |
| મગ | ૧૫૯૫ | ૧૬૧૦ |
| અડદ | ૧૦૫૦ | ૧૬૭૦ |
| ચોળી | ૨૬૦૦ | ૩૨૯૦ |
| ચણા | ૧૧૦૦ | ૧૨૫૨ |
| મગફળી જીણી | ૯૦૦ | ૧૦૯૦ |
| મગફળી જાડી | ૯૦૦ | ૧૦૫૦ |
| એરંડા | ૧૧૦૦ | ૧૨૦૩ |
| લસણ | ૧૬૦૦ | ૪૧૦૦ |
| જીરૂ | ૪૦૦૦ | ૪૫૬૦ |
| અજમો | ૨૧૪૫ | ૩૯૮૫ |
| ધાણા | ૧૦૬૦ | ૧૪૫૫ |
| ડુંગળી સુકી | ૭૦ | ૪૭૦ |
| મરચા સુકા | ૭૦૦ | ૩૦૦૦ |
| સોયાબીન | ૭૦૦ | ૮૦૦ |
| રાજમા | ૫૦૦ | ૮૦૦ |

### અમરેલી (શાકભાજી)

| | | |
|---|---|---|
| બટેટા | ૩૭૦ | ૫૭૦ |
| રીંગણાં | ૨૦૦ | ૪૦૦ |
| ફુલાવર | ૨૦૦ | ૩૦૦ |
| કોબીજ | ૨૨૦ | ૩૪૦ |
| શક્કરિયા | ૬૦૦ | ૮૨૦ |
| ટામેટા | ૫૦૦ | ૫૬૦ |
| સુરણ | ૧૦૦૦ | ૧૧૬૦ |
| ગાજર | ૪૦૦ | ૬૦૦ |
| દૂધી | ૨૨૦ | ૩૪૦ |
| કારેલા | ૫૦૦ | ૭૫૦ |
| ગલકા | ૪૦૦ | ૬૦૦ |
| મૂળા | ૨૦૦ | ૩૦૦ |
| કાકડી | ૩૦૦ | ૬૨૦ |
| ગુવાર | ૮૦૦ | ૧૬૦૦ |
| વાલોળ | ૪૪૦ | ૭૦૦ |
| વટાણા | ૧૨૦૦ | ૧૪૨૦ |
| ચોળા લીલા | ૪૦૦ | ૭૦૦ |
| તુરીયા | ૮૨૦ | ૧૨૦૦ |
| તુવેર | ૭૦૦ | ૮૦૦ |
| આમળા | ૫૦૦ | ૭૦૦ |
| ભીંડો | ૫૦૦ | ૮૦૦ |
| હળદર લીલી | ૮૦૦ | ૧૦૦૦ |
| આદુ | ૭૦૦ | ૮૫૦ |
| કોથમીર | ૩૦૦ | ૬૦૦ |
| મેથીભાજી | ૩૦૦ | ૫૦૦ |
| ફુદીનો | ૫૫૦ | ૭૮૦ |
| ટીંડોરા | ૪૮૦ | ૭૦૦ |
| બીટ | ૩૫૦ | ૫૫૦ |
| વાલ | ૭૦૦ | ૮૦૦ |
| સરગવો | ૮૪૦ | ૧૬૦૦ |
| લીમડો મીઠો | ૨૯૦ | ૩૨૦ |
| મરચા લીલા | ૬૦૦ | ૮૦૦ |
| મરચા લાલ | ૪૦૦ | ૧૧૦૦ |
| ડુંગળી લીલી | ૨૨૦ | ૩૮૦ |
| ડુંગળી સૂકી | ૧૧૦ | ૩૨૦ |
| લસણ લીલું | ૨૪૦૦ | ૩૭૦૦ |
| લસણ સૂકું | ૨૪૦૦ | ૩૦૦૦ |
| પાલક | ૩૦૦ | ૪૦૦ |
| લીંબુ | ૭૦૦ | ૮૦૦ |
| મકાઇ | ૩૦૦ | ૪૦૦ |

### અમરેલી

| | | |
|---|---|---|
| શિંગ મઠડી | ૮૧૮ | ૧૦૭૨ |
| ગીરનારી શીંગ | ૧૦૬૮ | ૧૩૫૨ |
| શિંગ મોટી | ૮૫૦ | ૧૨૦૪ |
| શિંગ ફાડા | ૮૭૦ | ૧૧૪૫ |
| તલ સફેદ | ૧૬૦૦ | ૨૭૭૫ |
| તલ કાળા | ૨૩૦૦ | ૫૨૧૧ |
| તલ કાશમીરી | ૨૯૪૫ | ૩૩૨૦ |
| બાજરો | ૫૮૭ | ૬૨૬ |
| જુવાર | ૫૩૫ | ૮૨૨ |
| ઘઉં ટુકડા | ૫૪૦ | ૬૨૨ |
| ઘઉં લોકવન | ૫૫૪ | ૬૧૫ |
| અડદ | ૯૨૦ | ૧૪૫૦ |
| ચણા | ૧૦૮૦ | ૧૪૧૦ |
| તુવેર | ૧૦૪૦ | ૧૭૦૮ |
| કપાસ | ૮૬૫ | ૧૪૬૭ |
| એરંડા | ૧૧૫૨ | ૧૨૦૮ |
| જીરૂ | ૩૭૦૦ | ૪૩૧૫ |
| ધાણા | ૧૧૮૦ | ૧૪૨૦ |
| સોયાબીન | ૬૦૦ | ૮૫૦ |
| મેથી | ૮૦૦ | ૧૦૪૫ |
| મરચા લાંબા | ૫૫૦ | ૨૫૨૦ |
| વરીયાળી | ૬૦૦ | ૧૩૩૦ |

### બાબરા

| | | |
|---|---|---|
| કપાસ શંકર | ૧૪૦૦ | ૧૪૮૮ |
| કપાસ મીડીયમ | ૧૧૪૫ | ૧૩૬૫ |
| મગફળી જી૨૦ | ૧૦૮૨ | ૧૧૫૮ |
| મગફળી બીટી | ૯૪૫ | ૧૦૫૫ |
| અડદ | ૧૨૦૦ | ૧૪૩૦ |
| ઘઉં | ૫૪૯ | ૬૧૧ |
| તલ સફેદ | ૨૦૪૫ | ૨૧૨૫ |
| જીરૂ | ૪૦૧૦ | ૪૪૦૦ |
| સોયાબીન | ૭૮૬ | ૮૦૪ |
| ચણા | ૧૧૭૦ | ૧૨૧૦ |
| મગ | ૧૩૯૦ | ૧૪૫૦ |

### લીલીયા મોટા

| | | |
|---|---|---|
| કપાસ | ૧૩૭૨ | ૧૪૬૮ |

### ધારી

| | | |
|---|---|---|
| કપાસ | ૧૧૬૬ | ૧૪૨૩ |
| મગફળી | ૬૨૫ | ૯૦૦ |
| ઘઉં | ૫૩૦ | ૫૬૮ |
| ચણા | ૯૭૦ | ૯૭૦ |
| ધાણા | ૧૧૦૫ | ૧૨૦૬ |
| સોયાબીન | ૬૦૬ | ૭૬૨ |

### કોડીનાર

| | | |
|---|---|---|
| મગફળી જી-૨૦ | ૯૭૦ | ૧૧૨૮ |
| મગફળી ૩૨ નં. | ૯૦૦ | ૧૦૪૧ |
| બાજરી હાઇબ્રીડ | ૫૦૦ | ૫૯૨ |
| ઘઉં | ૫૬૦ | ૬૫૦ |
| જુવાર | ૬૫૦ | ૭૯૩ |
| અડદ | ૧૧૫૦ | ૧૪૯૫ |
| ચણા | ૧૧૮૦ | ૧૨૪૫ |
| સફેદ તલ | ૧૯૦૦ | ૨૪૪૯ |
| સોયાબીન | ૭૭૮ | ૮૨૨ |
| કપાસ | ૧૩૭૦ | ૧૪૪૦ |

### મહુવા

| | | |
|---|---|---|
| શીંગ ગીરનાર | ૧૦૦૬ | ૧૨૭૨ |
| શીંગ ૩૨ | ૯૩૦ | ૧૦૩૭ |
| શીંગ ૩૯ | ૮૯૨ | ૧૧૧૭ |
| શીંગ જી-૨૦ | ૧૦૫૦ | ૧૧૫૮ |
| એરંડા | ૧૧૮૬ | ૧૧૮૬ |
| જુવાર | ૪૧૦ | ૯૫૧ |
| મગ દેશી | ૧૪૦૦ | ૨૫૦૧ |
| ઘઉં ટુકડા | ૫૨૮ | ૬૮૧ |
| મકાઇ | ૫૪૪ | ૬૫૧ |
| અડદ | ૮૪૪ | ૧૯૭૦ |
| બાજરી | ૪૭૦ | ૬૨૧ |
| બાજરો | ૬૦૬ | ૮૯૮ |
| સોયોબીન | ૬૬૬ | ૮૧૫ |
| ચણા | ૯૬૧ | ૧૬૦૦ |
| તલ સફેદ | ૧૯૯૫ | ૨૭૨૭ |
| તલ પુરબીયા | ૩૦૬૬ | ૩૦૬૬ |
| લસણ | ૩૬૯૯ | ૩૬૯૯ |
| જીરૂ | ૪૦૦૦ | ૪૦૦૦ |
| ડુંગળી લાલ | ૧૩૧ | ૪૮૮ |
| ડુંગળી સફેદ | ૨૦૦ | ૫૦૦ |
| કપાસ શંકર | ૧૨૦૦ | ૧૪૨૪ |
| નાળીયેર | ૯૫૦ | ૧૮૦૪ |

### ખાંભા

| | | |
|---|---|---|
| કપાસ | ૧૩૬૩ | ૧૪૪૬ |
| મગફળી | ૮૨૬ | ૧૦૮૧ |
| મગ | ૧૫૭૧ | ૧૫૭૧ |
| અડદ | ૧૦૫૧ | ૧૦૫૧ |

### બગસરા

| | | |
|---|---|---|
| કપાસ | ૧૨૦૦ | ૧૪૮૩ |
| ઘઉં લોકવન | ૫૬૧ | ૫૯૧ |
| ઘઉં ટુકડા | ૫૫૫ | ૫૯૯ |
| સોયાબીન | ૫૦૦ | ૭૮૫ |
| મગફળી | ૭૧૫ | ૯૧૮ |
| ચણા | ૯૭૦ | ૧૨૨૫ |
| તલ સફેદ | ૨૩૫૫ | ૨૩૫૫ |
| ચણા સફેદ | ૧૨૦૬ | ૧૨૦૬ |
| ધાણા | ૧૧૨૦ | ૧૧૨૦ |
| સીંગદાણા | ૧૧૫૫ | ૧૧૯૫ |
| મગ | ૧૭૯૫ | ૧૭૯૫ |
| અડદ | ૧૨૦૦ | ૧૪૫૦ |

### રાજુલા

| | | |
|---|---|---|
| શીંગ | ૭૫૦ | ૧૦૬૦ |
| તલ સફેદ | ૨૨૦૦ | ૨૪૦૦ |
| તલ પીળા | ૩૦૦૧ | ૩૦૦૧ |
| કપાસ | ૧૨૯૦ | ૧૪૬૦ |
| બાજરો | ૫૦૦ | ૬૨૫ |
| ઘઉં ટુકડા | ૬૦૫ | ૬૫૫ |
| જુવાર | ૭૫૦ | ૭૯૧ |
| મગ | ૧૬૦૧ | ૨૦૨૫ |
| મઠ | ૧૨૪૬ | ૧૨૪૬ |
| અડદ | ૧૫૮૦ | ૧૬૫૧ |
| ચણા | ૧૧૮૧ | ૧૬૫૧ |
| સોયાબીન | ૭૦૦ | ૭૮૨ |

### ભેંસાણ

| | | |
|---|---|---|
| કપાસ | ૧૦૦૦ | ૧૪૪૬ |
| ઘઉં | ૪૫૧ | ૫૯૧ |
| ચણા | ૧૦૦૧ | ૧૨૫૬ |
| અડદ | ૮૦૧ | ૧૫૪૬ |
| તુવેર | ૮૦૦ | ૧૨૦૧ |
| મગફળી | ૭૦૧ | ૧૦૯૧ |
| શિંગ ફાડા | ૯૦૧ | ૧૧૦૧ |
| ધાણા | ૧૦૦૦ | ૧૪૦૧ |
| સોયાબીન | ૬૦૦ | ૮૧૧ |

### સાવરકુંડલા

| | | |
|---|---|---|
| શીગ-જિણી | ૯૫૦ | ૧૦૪૧ |
| શીંગ-મોટી | ૧૦૩૦ | ૧૧૮૬ |
| શીંગ ગીરનારી | ૧૧૦૦ | ૧૨૦૦ |
| તલ સફેદ | ૧૮૦૦ | ૨૩૦૦ |
| તલ પીળા | ૪૦૦૦ | ૪૫૦૦ |
| જીરૂ | ૩૮૫૦ | ૪૩૬૧ |
| કપાસ | ૧૩૧૦ | ૧૪૫૦ |
| ઘઉં લોકવન | ૫૩૫ | ૬૪૫ |
| ઘઉં ટુકડા | ૫૬૦ | ૬૬૬ |
| બાજરો | ૪૧૧ | ૬૫૦ |
| જુવાર | ૪૨૫ | ૮૦૦ |
| મગ | ૧૦૦૦ | ૧૨૧૩ |
| અડદ | ૮૫૦ | ૧૩૦૧ |
| ચણા | ૧૦૭૦ | ૧૫૧૦ |
| તુવેર | ૧૫૧૦ | ૧૬૭૫ |
| એરંડી | ૧૦૫૦ | ૧૧૫૦ |
| સોયાબીન | ૬૫૦ | ૭૮૦ |

# કાશ્મીરથી કર્ણાટક: ભારતીય ભાષાનો ખો અને ઉર્દૂને ઉત્તેજન

જમ્મુ-કાશ્મીરમાં સત્તામાં આવતાંવેંત મુખ્ય પ્રધાન ઓમર અબ્દુલ્લાની સરકારે ત્યાં ૧૦ + ૨ના અધ્યાપકોની નિમણૂકમાં સંસ્કૃત અને હિન્દીની ઉપેક્ષા કરી છે તેવો આક્ષેપ અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદે કર્યો છે અને તે ત્યાં આંદોલન કરી રહી છે. બીજી બાજુ, કર્ણાટકમાં કૉંગ્રેસ સરકારે ચિકમંગલુરુ અને મુડિગેર જિલ્લાઓમાં આંગણવાડીના શિક્ષકોની નિમણૂક માટે ઉર્દૂ અનિવાર્ય કર્યું તેનો પણ હોબાળો થયો છે.

જમ્મુ-કાશ્મીરની જ્યારે વાત આવતી ત્યારે ફારુક અબ્દુલ્લા અને મુફ્તિ મોહમ્મદ સઈદ જેવા રાજકીય નેતાઓ (અલગાવવાદીઓ તો ખરા જ) એમ કહેતા કે કાશ્મીરીયત જોખમમાં છે. આ કાશ્મીરીયત એટલે શું? આપણે જેમ ગુજરાતની અસ્મિતાની વાત કરીએ છીએ તેમ તે લોકો તેના માટે ઉર્દૂ શબ્દ કાશ્મીરીયત વાપરે છે. કાશ્મીરી સંસ્કૃતિ અને ભાષા. પરંતુ આ લોકોને કાશ્મીરીયતના બૂમબરાડા પાડવાનો કોઈ અધિકાર નથી. કારણકે કાશ્મીરીયતમાં તો શૈવ, શાક્ત, બૌદ્ધો અને શિયાઓનો પણ સમાવેશ થતો હતો જેનો છેદ જ આ લોકોએ ઉડાડી ત્યાં સાઉદી પ્રકારનો સુન્ની ઈસ્લામ સ્થાપી દીધો. મોહર્રમના તાજિયા પણ બંધ થઈ ગયા હતા.

ભાષા મુદ્દે પણ તેમણે કાશ્મીરી ભાષાના સ્થાને ઉર્દૂ થોપી દીધી હતી.

વાત આ જ છે.

ઘણા ભોળા હિન્દુઓ એમ કહે કે ઉર્દૂ ભાષા તો ભારતમાં જ જન્મેલી છે. મહાન હિન્દુ કવિઓ સહિતના સાહિત્યકારો ઉર્દૂમાં લખતા હતા. ઉર્દૂ હિન્દીમાંથી જ ઉદ્‌ભવી છે વગેરે વગેરે.

ઉર્દૂ એટલે આ જ કૉલમમાં અગાઉ લખી ગયા મુજબ, કુત્બુદ્દીન ઐબકના સમયમાં તુર્ક સેનાની ભાષા. સેનાને તુર્કમાં ઓર્દૂ કહેતા. અને તેની ભાષા (જેને ઉર્દૂમાં ઝબાન કહે છે) એટલે ઉર્દૂ ભાષા. ઉર્દૂ સાહિત્યકારો કે ભદ્ર વર્ગની નહીં, પણ તુર્કી સેનાની ભાષા હતી. આક્રાંતાઓની ભાષા હતી. વ્યાકરણ પોતાનું નહોતું એટલે હિન્દીનું ઉછીનું લીધું. પરંતુ પછી પેટમાં પહોંચી પગ પહોળા કરે તેમ હિન્દીને જ ખાવા લાગી. અત્યારે ઘણા ઉર્દૂ પ્રેમી ફરિયાદ કરે છે કે હવે ઉર્દૂ ભાષા મૃતઃ થઈ ગઈ છે તો આ વ્યર્થ વિલાપ છે. હિન્દીને ઉર્દૂએ પચાવી પાડી છે. વર્ષોથી ફિલ્મોના સંવાદો અને ગીતોમાં ઉર્દૂ જ સાંભળવા મળે છે.

દિલ, જિગર, નઝર, જાન, ઈશ્ક, મુશ્ક, જાનેમન, જાનેજિગર, જાનેતમન્ના, શહનશાહ, અઝીમ ઓ શાન, સલ્તનત, રવાયત, ઈબાદત, બંદગી, સલામ, દુઆ, કુબૂલ, ગુલામ, કનીઝ, ખાકસાર, ખાનસામા, ઈનાયત, ઈન્કાર, તશરીફ, રાઝ, સાઝ, આવાઝ, રકીબ, હબીબ, હરમ, હરામ, હલાલ, તખ્લિયા, મૌજૂદ, હાલાત, હાલ, બેહાલ, પેશ, તલબ વગેરે તો અનેક શબ્દો ઉર્દૂના છે. ઉર્દૂના એટલે અરબી/ફારસી/તુર્કીના છે. વર્ષોથી તેને બોલી-બોલીને કે ગાઈને રૂઢ બનાવી દેવાયા છે. એટલે આજે ઘણાને એમ જ લાગે છે કે આ તો હિન્દીના શબ્દો જ છે.

પરંતુ સાચી હિન્દી ભૂલાવી દેવાઈ છે. ફિલ્મોમાં સાચી હિન્દી બોલનાર કાં તો ખલનાયક હશે કાં કૉમેડિયન. 'હમ તુમ ઔર વોહ'માં વિનોદ ખન્ના શિખા, ચશ્મા, વૈષ્ણવ તિલક, ધોતી, કુર્તા અને શાલ સાથે શુદ્ધ હિન્દીમાં 'પ્રિય પ્રાણેશ્વરી' ગાય ત્યારે આપણને હસવું આવે પરંતુ 'ઝીહાલ એ મિસ્કીં મકુન બ-રંજીશ બહાલ-એ-હિજ્ર બેચારા દિલ હૈ' ગીત વખતે આપણને હસવું નથી આવતું. 'એ હૈરત એ આશિકી જગા મત' ગીત વખતે આપણને પ્રશ્ન નથી થતો કે ઓછું ભણેલા ધીરુભાઈ અંબાણી આવાં ઉર્દૂસભર ગીતો કેવી રીતે ગાય? (આ ગીત જે ફિલ્મનું છે તે 'ગુરુ' ધીરુભાઈ પરથી બની હતી અને તેમાં ગુલઝારે આવું ઉર્દૂ ઘૂસાડ્યું હતું) 'અક્લ ઓ હોશ નબીં દાનમ હમ હૈ દિલ હૈ ઔર જાનમ' (ફિલ્મ : ઓમ્ શાંતિ ઓમ્‌ના 'દીવાનગી દીવાનગી' ગીતમાં) કહે છે ત્યારે આપણને હસવું નથી આવતું. આવડે કે ન આવડે, જેવું આવડે તેવું આપણે ગાઈએ છીએ.

લતા મંગેશકરને ફિલ્મોદ્યોગમાં ટકવું મુશ્કેલ હતું કારણકે તેની હિન્દી ભાષા સારી નહોતી, તેમ દિલીપકુમાર અને સંગીતકાર નૌશાદે કહ્યું હતું. તેઓ એમ કહેતા હતા કે તેમનું હિન્દી મરાઠી છાંટવાળું

> ભારતમાં અંગ્રેજી અને ઉર્દૂને કેમ લાદવામાં આવે છે? શું આ બે માત્ર ભાષા જ છે? કે તેની સાથે બે પંથો અને વિદેશી સંસ્કૃતિ પણ જોડાયેલી છે? દા.ત. ઉર્દૂ સાથે 'બકરે કી અમ્મા કબ તક ખૈર મનાયેગી?' કહેવત પણ આવે છે અને અંગ્રેજી સાથે 'એન આય ફોર એન આય' અને 'એવરીથિંગ ઇઝ ફેર ઇન લવ એન્ડ વૉર' આવે છે.

હતું. પરંતુ મૂળે તો તેમને એમ કહેવાનું હતું કે ઉર્દૂમાં 'ખ' અને 'ગ' વગેરે બોલવા માટે ગળામાંથી ઘસાઈને અવાજ આવવો જોઈએ તેવો નહોતો આવતો. દા.ત. મહાન કવિ ગાલિબનું નામ બોલવું હોય તો ગ અને ઘ વચ્ચેનો ઉચ્ચાર થવો જોઈએ. કભી ખુશી કભી ગમમાં ગનો ઉચ્ચાર ગ અને ઘ વચ્ચે થવો જોઈએ. એટલે કે લતાબાઈના ઉર્દૂ ઉચ્ચારો સારા નહોતા.

પેન્ટલથી માંડીને અનેક કલાકારોને ઉર્દૂ શીખવું પડતું ત્યારે જ ફિલ્મોમાં તેઓ ટકી શક્યા. પરંતુ ફિલ્મોદ્યોગમાં દિલીપકુમારો અને જાવેદ અખ્તરોએ એવી ચોકડી જમાવેલી કે ઉર્દૂ તો હિન્દી પર છવાતી ગઈ અને સંસ્કૃતનિષ્ઠ હિન્દીનો ખો નીકળતો ગયો.

આ જ વાત અન્ય ભારતીય ભાષાઓ પર પણ લાગુ થતી ગઈ. ગુજરાતમાં અનેક કવિઓ ઉર્દૂ શબ્દો તો 'ખાલિસ' (શુદ્ધ, યુ નૉ) રીતે વાપરે છે. આની સાથે એક ટ્રેન્ડ એ પણ કર્યો કે સંસ્કૃતનિષ્ઠ (એટલે કે સંસ્કૃત પ્રકારની) ભારતીય ભાષાઓને 'ભદ્રંભદ્ર' કહીને ઉપહાસને પાત્ર બનાવી દેવાઈ, જેમાં રમણલાલ નીલકંઠે 'ભદ્રંભદ્ર' જેવી હાસ્ય નવલકથા લખીને અમર થપ્પો લગાવી દીધો કે જો તમે શુદ્ધ ગુજરાતી શબ્દ (જેમાં અંગ્રેજી કે ઉર્દૂની છાંટ ન આવતી હોય) વાપરો તો તે ભદ્રંભદ્ર છે.



એટલે તમે અંગ્રેજી શબ્દ વાપરો તો ચાલે, તમે સાહિત્યમાં પ્રભાવ પાથરવા 'હમસફર', 'હમનિવાલા', 'હમપ્યાલા', 'હમદર્દ', 'હમરાઝ', 'હમનશીં', 'તારીફ', 'ખેરિયત', 'માશાઅલ્લાહ', 'સુભાનઅલ્લાહ' વગેરે વાપરો તો ચાલે. પરંતુ તમે સંસ્કૃતનિષ્ઠ ગુજરાતી/હિન્દી વગેરે શબ્દો વાપરો તો તે ભદ્રંભદ્ર છે. મેં પત્રકાર તરીકે આ અનુભવ્યું છે. આવા શબ્દો વાપરો તો તંત્રીઓ એમ કહે કે ભદ્રંભદ્ર પ્રકારનું લખાણ ન જોઈએ. વાચકોને નહીં સમજાય.

આ વાચકોને નહીં સમજાય તે એક ભ્રમણા ઉત્પન્ન કરવામાં આવી છે. અને તે તંત્રીઓ દ્વારા કરાઈ છે. 'લોકોને નહીં ગમે' આ શબ્દો વાપરીને પોતાનું ધાર્યું કરાવી લેવાનું.

આપણા દેશ પર અનેક પ્રજાએ આક્રમણ કર્યું. શક, હુણ, કુષાણ, તુર્ક, ગઝની, ઉઝબેકિસ્તાન, ફ્રેન્ચ, પૉર્ટુગીઝ, અંગ્રેજ વિચાર કરો કે આમાંથી બે ભાષા અને બે સંસ્કૃતિને કેમ લાદવામાં આવી? અંગ્રેજી અને ઉર્દૂ કહેતાં ખ્રિસ્તી અને ઈસ્લામી? અને આ બધું ઉત્તર ભારતથી લઈને પશ્ચિમ ભારત સુધી જ જોવા મળે છે. દક્ષિણમાં આ નથી જોવા મળતું. મહારાષ્ટ્રથી શરૂ કરીને કેરળ-તમિલનાડુ સુધીના ક્ષેત્રમાં અંગ્રેજી ભાષાનો તો પ્રભાવ જોવા મળે છે, પરંતુ ઉર્દૂનો નહીં.

અને એટલે જ કર્ણાટકમાં કૉંગ્રેસ સરકારે આંગણવાડીના શિક્ષકો માટે ઉર્દૂ ફરજિયાત કર્યું છે. કેમ કર્યું છે? આશય શું હોઈ શકે? મેકોલે જેવા અંગ્રેજનિષ્ઠોથી માંડીને કૉંગ્રેસ કે અન્ય વિપક્ષી સરકારો શિક્ષણનું મહત્ત્વ ખૂબ સારી રીતે સમજે છે. (ભાજપ અને સાથી સંગઠનો સમજે તો છે પરંતુ શિક્ષણમાં સુધારાની જે ગતિ હોવી જોઈએ તે કાચબાગતિ છે.) ૨૦૧૮માં મધ્ય પ્રદેશ, રાજસ્થાન અને છત્તીસગઢમાં કૉંગ્રેસ સરકાર આવી. આવતાવેંત માખનલાલ ચતુર્વેદી યુનિ.થી માંડીને શિક્ષણ જગતમાં ભાજપે નિમેલાઓની હકાલપટ્ટી કરવા લાગ્યા. રાજસ્થાનના અભ્યાસક્રમોમાં ભાજપ શાસનમાં મહારાણા પ્રતાપ મહાન હતા અને અકબર નહીં, પરંતુ જેવી ૨૦૧૮માં કૉંગ્રેસ સરકાર આવી એટલે અકબર મહાન થઈ ગયો. કર્ણાટકમાં ટીપૂ સુલતાન મહાન. ટીપૂ સુલતાન જયંતી ઉજવવાનું શરૂ કરી દીધું.


વિચાર વલોણું

જયવંત પંડ્યા


વચ્ચે જ્યારે-જ્યારે અમિત શાહે હિન્દી દિવસ પર હિન્દીનું મહત્ત્વ વધારવા પ્રયાસ કર્યો અને ગૃહ મંત્રાલય વગેરેમાં હિન્દીના ઉપયોગ પર ભાર મૂક્યો ત્યારે-ત્યારે કર્ણાટકમાં કૉંગ્રેસે હિન્દીનો વિરોધ કર્યો. કન્નડ ભાષાના ભોગે હિન્દી નહીં, તેવો પ્રચાર થયો. સારી વાત છે. પરંતુ તો પછી ઉર્દૂ કેમ? હિન્દી તો ભારતીય ભાષા છે. ઉર્દૂ તો અરબી/ફારસી/તુર્કી ભાષા છે જે આક્રાંતાઓની ભાષા છે.

ઉર્દૂ ભાષા કે અંગ્રેજી ભાષાનો પ્રયોગ થાય ત્યારે તેની સાથે વિકૃત સંસ્કૃતિ પણ ઘૂસે છે. દા. ત. એક કહેવત છે- બકરે કી અમ્મા કબ તક ખૈર મનાયેગી? શું ભારતીય સંસ્કૃતિ મુજબ આ કહેવત ફિટ બેસે છે? આ કહેવત બકરી ઈદના સંદર્ભે છે. બકરાની કુર્બાની દેવાય છે તેથી કહેવાય છે કે બકરીની અમ્મા ક્યાં સુધી શાંતિનો શ્વાસ લેશે? ઈદ પર તો બકરો/બકરી કપાવાના જ છે. 'આ ચીજ હરામ છે'. 'હરામ' અને 'હલાલ' કયા પંથની વાત છે? અને તે પંથ મુજબ બાળકો હરામ અને હલાલ ભણશે? કબરમાં પગ લટકે છે તોય ધખારા છૂટતા નથી, તેવું હિન્દુ બાળકો ભણશે? કયામતના દિવસે અલ્લાહ જવાબ માગશે તેવું હિન્દુ બાળકોને ભણાવશો?

અંગ્રેજી આવે છે ત્યારે તેની સાથે ખ્રિસ્તી પંથની પણ વાત આવી જ જાય છે. વ્હેન ઈન રૉમ, બી લાઈક રૉમન. આ કહેવતની ભારતમાં શું જરૂર? હિન્દી કહેવતને અંગ્રેજીમાં અપનાવી શકાય કે જૈસા દેશ વૈસા ભેષ. એન આય ફૉર એન આય. ખૂન કા બદલા ખૂન. આ બંને કહેવત અનુક્રમે અંગ્રેજી અને ઉર્દૂની છે, પરંતુ હિન્દુ સંસ્કૃતિ કે સંસ્કૃત/હિન્દી ભાષામાં આવી કહેવત તમને નહીં મળે. શેતાન બાઈબલ ટાંકે છે. થિંક ઑફ ડેવિલ ઍન્ડ ડેવિલ ઈઝ હીયર. આવી કહેવતો હિન્દુ બાળકોએ શા માટે ભણવાની?

બે મેગા માર્ટ વચ્ચેની સ્પર્ધા અંગેના સમાચારનું મથાળું એક અંગ્રેજી સમાચારપત્રમાં આવું હતું: ડેવિડ વર્સિસ ગલાયથ (David Vs Goliath) : કેન વિશાલ મેગા માર્ટ રેસ અહેડ ઑફ એવન્યૂ સુપરમાર્ટ્સ ઑન ધ બર્સીસ? ભારતમાં રહેનારાને કેવી રીતે ખબર હોય કે ડેવિડ કોણ અને ગલાયથ કોણ? બાઈબલ મુજબ, ગલાયથ એક દૈત્ય હતો જેને ડેવિડે મારી નાખ્યો. મેગા માર્ટ શું એકબીજાને મારી નાખશે? અંગ્રેજી 'એવરીથિંગ ઈઝ ફૅર ઈન લવ ઍન્ડ વૉર' અને ઉર્દૂમાં 'ઈશ્ક ઔર જંગ મેં સબ કુછ જાયજ઼ હૈ' કહેવાય છે કારણકે ત્યાં પ્રેમ અને યુદ્ધ માટે ગમે તે સીમાએ જવાય છે, હિન્દુ સંસ્કૃતિમાં તો પ્રેમ અને યુદ્ધમાં પણ નિયમો છે. પ્રેમ ત્યાગ માગે છે. સમર્પણ માગે છે. યુદ્ધમાં સામી છાવણીમાંથી લડતા ભીષ્મને પણ પ્રણામ કરવા પાંડવો જાય છે અને વિજયી ભવના આશીર્વાદ મેળવી આવે છે. લંકા પર જીત પછી રાવણ પાસે જઈને તેને પ્રણામ કરી લક્ષ્મણ જ્ઞાનપ્રાપ્તિ કરે છે. એક કહેવત તેની સાથે સંસ્કૃતિ લઈને આવે છે.

નામકરણ માટે અંગ્રેજીમાં શબ્દ છે- ક્રિશ્ચન. એનડીટીવી પર કિયાની નવી કારના નામ અંગે સમાચાર હતા કે – કિયાસ અપકમિંગ એસયુવી ક્રિશ્ચન્ડ સાઈરોસ. પરંતુ ક્રિશ્ચન એટલે ખ્રિસ્તી પદ્ધતિથી થતા સમારંભમાં બાળકનું નામકરણ કરવું અને તેને દેવળ (ચર્ચ)નું સભ્ય બનાવવું.

એટલે આંગણવાડીનાં બાળકો (કર્ણાટક)થી માંડીને કૉલેજ સુધી સંસ્કૃત, હિન્દી વગેરે ભારતમાં ઉદ્‌ભવેલી ભાષાનો ખો કાઢીને ઉર્દૂ ભાષાને થોપવાનું આ વ્યવસ્થિત ષડયંત્ર છે. આ ષડયંત્રને વિફળ બનાવવું જ રહ્યું. આ જ રીતે અંગ્રેજીથી પણ છૂટકારો મેળવવો જોઈએ. જેમને શીખવી હશે તે અલગથી કૉર્સ કરી શીખી લેશે. અને આંગણવાડીના શિક્ષકોથી લઈને અધ્યાપકો સુધી ઉર્દૂને ફરજિયાત કરવાનો અર્થ એ જ કે કાં તો ઉર્દૂ જાણતા મુસ્લિમોની ભરતી થાય અથવા તો હિન્દુઓએ પણ ઉર્દૂ શીખવું પડે. શું અમેરિકા, સાઉદી અરેબિયા કે અન્ય વિદેશમાં ત્યાંની ભાષાના ભોગે આવું સરકાર કરે તે માનવામાં આવે છે? આવું ભારતમાં જ મતબૅંકાંધ વિપક્ષો જ કરે. ■


jaywant.pandya@gmail.com


# મહાપુરુષને વાંચીને સ્પષ્ટ થઇ જઇએ

જે મહાપુરુષોને લખવાનો મહાવરો અને અભ્યાસ હોય એ પોતાના જીવનકાળના સમકાલીન તથ્યો લખતા જતા હોય છે. એમની જે તે સમયની માન્યતા, અભિપ્રાય, મતિ અને આસપાસની આબોહવા આધારે સ્થિતિવર્ણન કરી જાય છે. પોતે જે દ્રષ્ટિથી ભૂતકાળનું વર્ણન, વર્તમાનનું આકલન અને ભવિષ્ય માટે આગાહી કરી જાય છે, એ એમનો પોતાનો દ્રષ્ટિકોણ હોય છે. આવનારો સમય અને માણસ એનું વિવેચન કરવાનો છે એ પોતે જાણતા હોય છે. એ લખી જવાની પોતાની પુણ્યફરજના ભાગરૂપે આવનારી પેઢી માટે વારસો શું હતો એ કહી જતા હોય છે. કહેવાય છે કે ઈતિહાસ વિજેતાના દ્રષ્ટિકોણથી લખાય છે, પણ એ એવો ઈતિહાસ હોય છે જેમાં ઘટનાનું ઘટન થઈ ચુક્યું હોય છે, દરબારી લહિયાઓ સિંહાસનના છાંયે બેસીને ચોક્કસ રંગની શાહીથી લખે છે. જેમાં સિંહાસન પર બેઠેલાનો દ્રષ્ટિકોણ જ ધ્યાનમાં રાખવાનો હોય છે. મહાપુરુષોએ જાત અનુભવે લખેલા વૃતાંતો આ કક્ષામાં નથી પડતા. એ જીવેલી કથા છે, સહન કરેલા દર્દ, પીડા, વ્યથા, સંઘર્ષનું આલેખન હોય છે. ભારતની આઝાદીની લડત ખુબ લાંબા કાલખંડ સુધી ચાલી હતી. અસંખ્ય દેશવાસીઓએ પોતાના પ્રાણની આહૂતિ આપી હતી. એ લડતનું વર્ણન કરતું ઘણું સાહિત્ય તત્કાલિન અને ત્યારબાદ પણ રચાયું છે. સત્ય એ છે કે કોઈ ગમે એ કાર્ય કરી જાય, એ ત્યારે જ ગંતવ્ય પામે છે જ્યારે એ લખાય અને વંચાય છે. ઈતિહાસમાં ઘણા મહાપુરુષોએ પોતાની જીવનીથી લઈને સમકાલીન ઈતિહાસ લખ્યા છે. ગાંધી, નહેરુ, સરદાર, સાવરકર જેવા અનેકો આગેવાનોએ ઘણો સમય જેલમાં વ્યતીત કર્યો છે. સરદાર સિવાયના ઘણા મહાપુરુષોએ એ સંગ્રામ અને પોતાની ભૂમિકા અંગે વિસ્તારથી લખ્યું છે. કમભાગ્યે આઝાદી બાદ બધા લોકનાયકો વંચાયા નથી. ગાંધી અને નેહરુ બાદ ત્રીજા કોઈને ઝટ દઈને સ્વીકારવામાં આવ્યા નથી. માત્ર આ બંને મહાનુભાવોના સાહિત્ય પર સરકારી થપ્પો લાગ્યો હતો. બીજા પ્રચુર સર્જનો કોરે પડ્યા રહ્યા હતા. એવા જ એક તથ્યો આધારિત ઈતિહાસ લખનાર વિશેષપુરુષ હતા, ડૉ. ભીમરાવ આંબેડકર. ૧) ધ પ્રોબ્લેમ ઓફ ધ રૂપી. ૨) ધી ઈવોલ્યૂશન ઑફ પ્રૉવિન્શિયલ ફાઈનાન્સ ઈન બ્રિટિશ ઈન્ડિયા – હાર્મફૂલ ઈફેક્ટ્સ ઑફ ધ બ્રિટિશ સિસ્ટિમ ઑન્ ઈન્ડિયાઝ ડેવલપમેન્ટ. ૩) સ્મોલ હોલ્ડીન્ગ્સ ઈન ઈન્ડિયા. ૪) કાસ્ટસ્ ઈન ઈન્ડિયા, ધેર મિકેનિઝમ, જેનિસિસ ઍન્ડ ડેવલપમેન્ટ ૫) એન્નીહીલેશન ઓફ કાસ્ટ ૬) ફેડરેશન વી. ફ્રીડમ અને ૭) થોટ્સ ઓન પાકિસ્તાન અને પાકિસ્તાન ઑર પાર્ટિશન ઑફ ઈન્ડિયા, જેટલું દમદાર અને દળદાર સર્જન એક હાંસિયામાં ધકેલાઈ ગયું. સરદાર માટે લખાયેલું જેમ લાંબા સમય સુધી પરદા પાછળ રહ્યું. હિન્દુસ્તાનમાં આઝાદ વાતાવરણ પામીને ફાલી ફૂલેલા જંતુઓ હિન્દુસ્તાનના સાવરકર, સુભાષચન્દ્ર બોઝ, સરદાર પટેલ અને ડૉ. આંબેડકર જેવા ઘણા ઈતિહાસ પુરુષોના સ્મરણ સામે વાંધો ઉઠાવી શકે એ હદની આઝાદી ભોગવી રહ્યા છે. રાજકીય નારાઓથી લઈને અભ્યાસક્રમના પાઠ્યપુસ્તકો સુધી અને સરકારી યોજનાઓથી લઈને જાહેર વ્યવસ્થાઓના નામકરણ સુધી એક વંશને બાદ કરતા ક્યાંય વજૂદ આપવામાં નથી આવ્યું. પોતાના ઈતિહાસપુરુષને વજૂદમાં રાખવાની જવાબદારી તેના વારસો અને ઉત્તરાધિકારીઓની હોય છે. લંડનની થેમ્સ નદીની વચ્ચે એક જર્મન જહાજ રાખવામાં આવેલ છે, એ જહાજ પ્રથમ વિશ્વયુધ્ધમાં અંગ્રેજ પ્રજાના જર્મનો પરના વિજયનું પ્રતિક છે. એ જહાજ દરેક અંગ્રેજને પોતાની વિજયગાથા યાદ કરાવતું રહે છે. એના વડવાઓ લડી મરીને જે ગૌરવવંતો ઈતિહાસ લખતા ગયા છે અને આવી વિજય પતાકાઓ લહેરાવતા ગયા છે, એ આજની મુક્ત હવામાં લહેરાતી જોઈને મગરૂર રહ્યા કરે છે. લંડનમાં જ બીજી એક જગ્યાએ હેવલોક કરીને એક અંગ્રેજનું પુતળું છે... નીચે લખેલ છે; એણે હિન્દુસ્તાનમાં બળવો શામાવ્યો હતો. શુરા સૈનિકોને બિરદાવવા એ પ્રજાની અને સત્તાની પુણ્ય ફરજ છે. સરદાર અને આંબેડકરના કિસ્સામાં ઈતિહાસ પુરુષોની એ ગતિ રહી કે પટેલ સમાજે સરદારને વાંચ્યા નથી અને દલિત સમાજે આંબેડકરને વાંચવાની તસ્દી લીધી નથી. એટલે બંને સમાજો અર્ધશિક્ષિત, અર્ધદીક્ષિત જેવા પોણીયા સમાજ આગેવાનોના હાથમાં જઈને પડ્યા છે. બંનેએ કરેલી લખેલી સ્પષ્ટતાઓ આજના નેતાઓના દ્વિઅર્થી નિવેદનો કરતા હજાર ગણી ચોખ્ખી હતી. એ જે લખી ગયા એવું જ જીવી ગયા અને ભાવિ પેઢી પ્રેરણા લઈને જીવી શકે તેવું લખી ગયા. એ પેઢી બદનસીબ રહી કે એણે વાંચ્યા નહિ. પરિણામ એ આવ્યું કે એમના સર્જનનો ખોટા ક્વોટ કરીને દુરુપયોગ શરુ થયો. આજે એ નેતાઓ જાણે છે કે આ બંને મહાપુરુષોના નામે નાતને ઉશ્કેરીને કામ લઈ શકાય તેમ છે, એમની દુકાન ચાલી રહી છે. ચૂંટણી જેવા સમયે ગલ્લો પણ તગડો થાય છે. થોટ્સ ઓન પાકિસ્તાનમાં ડો. આંબેડકર દ્વારા જે તથ્યો પુરાવાઓ, દ્રષ્ટાંતો, આંકડાઓ અને તત્કાલીન સમકાલીનોના વિચારો અને નિવેદનો સાથે આપવામાં આવ્યા છે એ કદાચિત કોઈ દ્વારા આપવામાં આવ્યા હોય. ડો. આંબેડકરે આ પુસ્તકમાં ભાગલા અંગે સાવરકરના વિચારોની બૃહદ ચર્ચા કરી છે. હિંદુ મહાસભાના અધ્યક્ષ તરીકેના તેમના આઝાદી અને આઝાદી ઉપરાંતના ખ્યાલને સ્થાન આપ્યું છે. આવા સ્પષ્ટ વક્તા અને લેખકને વાંચીને સ્પષ્ટ થઇ શકાય તો ફરીથી એમના વિશેનું કોઈ નિવેદન કે કોઈ શબ્દ એમની છબીને ખંડિત કરી શકતા નથી. કોઈ એમના વિષે ભ્રમ ફેલાવી શકાતો નથી. એમના વિષે ઉચ્ચારાયેલ નિવેદન કે અભિપ્રાયને એમના લખેલા શબ્દોના છાબડે મૂકીને તોળી શકાય છે. ■



**-: ક્વિક નોટ :-**

પાકિસ્તાન અને હિન્દુસ્તાન પરસ્પર વિસંગત ઉત્સર્જન છે. બંનેને સાથે બાંધી રાખવાથી એશિયામાં એક કમજોર રાષ્ટ્ર પેદા થશે. બંને સાથે એક તીવ્ર વિજાતીય એકમ બની રહેશે. જો પાકિસ્તાન હિન્દુસ્તાનથી કપાઇ જવાના અવગુણ સાથે અસ્તિત્વમાં આવતું હોય તો તેની પાસે એકરૂપતા હોવાનો ગુણ પણ હશે. – ડો. બી.આર. આંબેડકર – થોટ્સ ઓન પાકિસ્તાન


રાજકીય રસધાર

પ્રવીણ માધાણી


# એક ડાળના પંખી એટલે શું?


હાસ્યાય નમઃ

ડો. પ્રકાશ દવે
૯૫૭૪૩૭૪૪૫૩


(૧) સાચું બોલવું સારૂ કે ખોટું ન બોલવું સારૂ? કયો વિકલ્પ પસંદ કરાય ?

જીગર આહીર (દાત્રાણા-પાટણ )

તમારામાં નામ પ્રમાણે ગુણ છે. બાકી ઘણા ઘેર કાઈ બોલી જ નથી શકતા એટલે સાચું બોલવું કે ખોટું એ પ્રશ્ન જ ઉપસ્થિત નથી થાતો.

(૨) બધી મોટરકાર ગુમ થઈ જાય તો?

જય દવે (ભાવનગર)

માણસ કરતાં કૂતરાં વધારે મુંઝાય. દોડવું કોની પાછળ?!

(૩) તમે પેલું રેશનકાર્ડમાં ઈ-kyc કરાવ્યું કે?

કોબાડ ભગવાન એસ. (મોટા સરાકડિયા)

રેશનકાર્ડ જાતે જઈને કરાવી આવ્યું!

(૪)૧૬૦૦ રૂપિયાનો શર્ટ પહેરીને લગ્નમાં ગયો; પણ ઠંડી એટલી બધી હતી કે આખો દિવસ સ્વેટર પહેરીને ફરવું પડ્યું, બોલો!

કનુભાઈ પરમાર (દામનગર)

આવું થાય ત્યારે ચાંદલો ઓછો કરી ને હિસાબ સરભર કરાય!

(૫) શું લાગે છે, આ વખતે ઠંડી કેવી પડશે?

નિદા નસીમ (ઉના)

'ઉના'માં રહેવું અને ઠંડીની ઉપાધિ શું કરવી?!

(૬) શિયાળામાં કેમ બધા પાક ખાય છે ?

પૂજા પ્રભુદાસ ગોંડલીયા (જસદણ)

શિયાળાને ઈર્ષા કરાવવા.

(૭) અમે સાંભળ્યું છે કે તમે શિયાળામાં તમારા વાચકો માટે અડદિયા મોકલવાના છો!

રાજુ એન. જોષી (ધરાઈ બાલમુકુંદ)

હું જ આવી અફવા દર શિયાળે ફેલાવું છું. પરિણામે સવાલોની સંખ્યા અને ગુણવત્તા વધી જાય છે.

(૮) બારે બુદ્ધિ સોળે સાન આવી તો આવી નકર ગઈ.. આ કહેવત સાચી છે ?

મુસ્તુફા કનોજિયા (રાજુલા)

મારા બાર અને સોળ વરસ થાય પછી કહું!

(૯) આજના સમયમાં પૈસાનું રોકાણ કઈ જગ્યાએ કરવું જોઈએ?

પાંડોર નિધિ (બાયડ)

આમ જાહેરમાં જવાબ આપીશ તો તમારા પૈસા જોખમમાં આવી જશે. ખાનગીમાં કહું છું કે તમને વિશ્વાસ હોય તો પૈસા મને મોકલી આપો. હું સાચવીશ.

(૧૦) મોટાભાગના પતિદેવો કહ્યાગરા કેમ હશે ?

ડાહ્યાભાઈ આદ્રોજા (લીલિયામોટા)

વારસાગત સંસ્કારો.

(૧૧) એક ડાળના પંખી એટલે શું?

દર્શન પટેલ (વડોદરા)

ગામમાં પિયરિયું ગામમાં સાસરું!

(૧૨) કુછ પા કર ખોના હૈ, કુછ ખો કર પાના હૈ. એટલે શું?

રામભાઈ પટેલ (સુરત)

આમાં કવિની કમાણી ઈન્કમટેકસ ભરવામાં વપરાઈ ગઈ હોય એવું લાગે છે!

(૧૩) હવે જીવનમાં પહેલા જેવી મજા નથી આવતી. શું કરવું?

રમાબેન પટેલ (અમદાવાદ)

મજાને પડતી મૂકી એન્જોય કરો!

(૧૪) કમૂર્તામાં નવાય ખરું?

રતિલાલ ઝિંઝુવાડિયા (લીલીયા મોટા)

ઘણાં માત્ર કમૂર્તામાં જ નહાય છે.

(૧૫) ઘેટાંબકરાં ચરવા જાય ત્યારે કયા સૂત્રો બોલે છે?

જયશ્રીબેન બી. મહેતા (કોટડાપીઠા)

ઘેટાં બકરાં ભાઈ ભાઈ,
ભંભોટ થઈશું ખાઈ ખાઈ! ■

**નોંધ.. આપના હાસ્યરસિક પ્રશ્નો આપના અને ગામનાં નામ સાથે વોટ્સએપ નં. ૯૫૭૪૩૭૪૪૫૩ પર મોકલો..**

# આપણા દુઃખ જેમણે પોતાના પર લીધા તે સહુ આપણા ઈસુ છે....!

સપ્તરંગ
દિલીપ ભટ્ટાચાર્ય

ધર્મ અને અધ્યાત્મ પ્રતીકોથી ભરપૂર છે. એ એક અલગ જંગલ છે. જિબ્રાને એકવાર એમ કહ્યું હતું કે પ્રકૃતિને પોતાના રહસ્યો છુપાવવામાં કોઈ રસ નથી, પરંતુ એ કોઈ ખોટા હાથે જઈ ન ચડે એ માટેની એને ચિંતા છે. પ્રભુ ઈસુને ક્રોસ પર ચડાવવામાં આવ્યા ત્યારે એમને માથે કંટકોમાંથી બનાવેલો તાજ પહેરાવવામાં આવ્યો હતો. દુનિયાના સર્વ પરોપકારીઓની ઈસુના હણનારાઓએ કરેલી આ એક ભીષણ મજાક છે. ઈસુની અવતારી જિંદગીની છેલ્લી ક્ષણોમાં તેમના મસ્તિષ્ક સુધી એક નાનું અમથું ફૂલ પણ આ વિશાળ પૃથ્વી પરથી ન પહોંચી શક્યું, કારણ કે પૃથ્વી પર મનુષ્યોનું શાસન છે. આપણાથી હવે આ ભવમાં એવું ન થાય તે જોવું રહ્યું.



ઉપકાર પર અપકાર જેવું કોઈ પાપ નથી. જેમણે સપનામાંય એક વાર આપણું હિત માત્ર ચિંતવ્યું હોય એમનું સદા કલ્યાણ ચાહવું અને આપણી સર્વ પ્રાર્થનાઓના ફળ એમને અર્પણ કરવા જે એની અમી દૃષ્ટિથી આપણને જુએ છે. ક્યારેક એવું બને કે પરિજનોની નજર તિરસ્કારતી હોય અને વડલાને છાંયે પરબ પર બેઠેલી પાણી પીવરાવતી રૂખડની વહુ તમને વાત્સલ્યભરી નજરે જોતી હોય તો ભગવાનનો ઉપકાર માનો કે હજુય આ વસુંધરા પર કોઈ બે આંખો છે જે મા દિવંગત થયા પછીય તમારા પર અમૃત વરસાવે છે. જેમના ઘરમાં જ અમૃતના ઝરણાં વહેતા હોય તેઓ પૂર્વના સત્કર્મી હોય છે. તેઓનું તો ઘર જ તીર્થ છે. ઈસુનું બીજું નામ જ અમિયલ હેતાળ નજર છે. કરૂણતાની સામે કરૂણા એ જ તો ઈસુ છે.

ઈસુના મસ્તિષ્ક પર જે કંટકો છે તે તેમણે દુઃખીજનો પાસેથી લઈ લીધેલા દર્દ છે. એ સર્વ દર્દ જે.. તેમણે અન્યોને સુખી કરવા, સ્વયં ધારણ કર્યા, એના પ્રતીકરૂપે જ ઈસુનું અંતિમ દર્શન છે. ઈસુનો એક ચાહક વર્ગ એવો છે જે એમને એટલે ઉપાસે છે કે આ દુનિયામાં એક અસ્તિત્વ એવું છે જે બીજાઓના દુઃખનું હરણ કરવા માટે ઉત્સાહિત છે. આપણે ત્યાં સંસ્કૃતમાં 'હરિ' શબ્દ દુઃખના હરનારા પરમતત્ત્વ તરીકે આ જ અર્થમાં લોકપ્રિય છે. અગાઉ હતા તેવા સર્વકાલીન ઈસુ ઈહલોકમાં હવે ભલે ન મળે પરંતુ જે તે સમય માટે આપણા પર જેની શીતછત્ર છાયા-માયા હતી તેઓ સહુ એટલા સમય પૂરતા તો ઈસુ જ છે. અને આજે જેમના તરફથી આપણને નિરંતર પ્રેમ અને શાન્તિ મળે છે તેઓ આજે પણ આપણા ઈસુ છે.

આ જગતમાં આપણને ઈસુનો ઈસુતત્ત્વ તરીકેનો વારંવારનો પરિચય હોય છે. બસમાં ઊભા ઊભા મુસાફરી કરતા હોઈએ ને કોઈ કહે કે હવે ઘડીક તમે બેસો, હું ઊભો રહીશ તો એ પરિબળ શું છે ? દેવોમાં સર્વગુણ સંપન્નતા એકરૂપે મૂર્તિમંત હોય છે. પરંતુ એ સર્વ ગુણો મનુષ્યોમાં છુટક છુટક તો હોય છે જ. દેવો કંઈ એકલા સદગુણોના માલિક નથી. ફેર એ છે કે તેઓનામાં એક પણ માઈનસ વિના પ્લસના સાત સાગર લહેરાતા હોય છે. એટલે ઘેઘૂર રીતે એમની છાયા આપણા અંતઃકરણને ઘેરી લે છે. દેવો આપણને એવી નિરાત આપે છે જે બહુ સરળતાથી અન્યત્રે મળતી નથી. પણ મનુષ્યોમાં પણ કોઈ કોઈ હૃદયમાં આપણે માટેના દેવ છુપાયેલા હોય છે. સંકટ આવે ત્યારે એવા છુટક ગુણ ધરાવતા મનુષ્યરૂપેણ દેવોનો આપણને સાક્ષાત્કાર થાય છે.

ખ્રિસ્તી ધર્મ પાળનારા ઈસુના અનુયાયીઓ સિવાયના અન્ય ધર્મોના લોકોને ઈસુના જે ગુણ આકર્ષે છે એમાં પ્રેમ અને ક્ષમા મુખ્ય છે. ઈસુનું સ્વરૂપ પરમ પિતા તરીકે છે. આપણા કોઈ પણ અપરાધોને ક્ષમા કરીને એ દરેકને નૂતન જીવનનું પ્રભાત આપવા બેઠાં છે. ભૂતકાળના અસત્ કર્મોથી મનુષ્યનો છેડો ફાડી આપવાનું કામ એ ખ્રિસ્તી ધર્મનું લોકજીવનમાં મહત્ યોગદાન છે. ખ્રિસ્તની ક્ષમા અરધા જગતને આવરી લે છે. કેટલાક પાદરીઓ અને પ્રચારકોને કારણે ખ્રિસ્તને પણ બદનામી મળી છે પરંતુ એનો આરંભ તો સમગ્ર માનવજાતના ચૈતસિક ઉત્થાન માટે થયેલો છે. અને આમ પણ કોઈ પણ ધર્મ એના આરંભે જેવો વિશુદ્ધ અને શાન્તિદાયક હોય છે એવો તો એની શાખા-પ્રશાખામાં નહિ હોવાનો. ખ્રિસ્તી ધર્મમાં કન્ફેશનની જે પ્રણાલિકા છે એણે રાહ ભટકેલાઓને ફરી મૂળ સફરના માર્ગ સુધી પહોંચાડ્યા છે.

**અંતે ઈસુ સુધી એક નાનું અમથું ફૂલ પણ ન પહોંચી શક્યું, કંટકો પહોંચ્યા... કારણ કે પૃથ્વી પર મનુષ્યોનું શાસન છે.....!**

પહેલા તો ધર્મ હોય ત્યાં વિવાદો શમી જતા, જેમ ઋષિના આશ્રમમાં પ્રવેશતાવેંત હિંસક પ્રાણીઓ, માયાળુ થઈ જતાં. હવે ધર્મમાત્રમાં વિવાદ હોય છે. આંતરિક પણ હોય અને બહારના પણ હોય. ખ્રિસ્તી ધર્મ પણ વિવાદોથી પર નથી.

જિંદગીમાં પ્રથમ ત્રીસ વરસ જેમણે માત્ર સુથારીકામ કર્યું અને જિંદગીમાં પોતાના વતનથી ૨૦૦ કિલોમીટર દૂર પણ જેમણે કદી પગ ઉપાડ્યો નથી એ ઈસુના વિશુદ્ધ અને સાંત્વનાયુક્ત વિચારોએ અરધા ઉપરાંતની દુનિયાને પોતાના ઘટાટોપ વાત્સલ્યમાં આવરી લીધી છે. પ્રેમ અને શાન્તિનો સ્વભાવ સ્વયં વિસ્તરવાનો છે એ ઈસુએ આપણને શીખવ્યું છે. ■

# અર્જુનની સાથે પહેલી જ નજરમાં પ્રેમ થઇ ગયો




લઘુ-નવલકથા

યોગેશ પંડયા

અર્જુન રવિનાને તાકી રહ્યો. એ નજર આરપાર સોંસરી ઉતરી જાય તેવી કાતિલ અને ઘાતક હતી. રવિના, અર્જુનની એ નજરનો તાપ જીરવી ન શકી. તેની આંખોમાં આંસુ ધસી આવ્યા. એ આંસુની પાછળ દર્દ હતું, અફસોસ હતો, પીડા હતી ? ના એ આંસુની પાછળ પ્રેમ હતો. શુધ્ધ પ્રેમ ! જે કોઈ સ્ત્રીને કોઈ પુરૂષ પ્રત્યે પહેલીવાર થાય તેવો પ્રેમ. રવિનાનું મન ઓગળી રહ્યું હતું અને અર્જુનનું મન લાહ્ય લાહ્ય થઈ રહ્યું હતું. ''પ્લીઝ તમે માનો, મારી ભીતરની વાત તમે સાંભળો....'' રવિના કહી રહી હતી : '' મારી જિંદગી ગણો કે જીવ જે ગણો એ પણ તમે જ છો.''

અર્જુનને અટ્ટહાસ્ય કર્યું : ''વાહ ! ખરૂં કહેવાય.'' તેણે તેની કાતિલ નજરોને રવિનાના પેટ ઉપર નોંધતા કહ્યું : '' હવે તો મારૂં કઈ છે નહીં ને ?'' અર્જુને તેના પેટ તરફ હાથનો ઈશારો કરતા કહ્યું ''હું આખ્ખેઆખ્ખી તમારી જ છું ને ?'' રવિનાએ વાતને વળાંક આપી દીધો. પ્રતિભાવમાં અર્જુનનાં ભવા ખેંચાયા. ચહેરા ઉપર કટાક્ષભર્યું સ્મિત ફરકયુ અને હોઠોમાંથી ધાણીફુટ શબ્દો : '' આ શબ્દો અગાઉ કેટલા મર્દોને કહી ચૂકી છો ? મારો નંબર કેટલામો ?'' જવાબમાં રવિનાથી એક ડૂસકુ મુકાઈ ગયું : ''તમે મને એવી છોકરી ન ધારો. હા, હૃદયના કોઈ ખૂણે કોઈ અજનબીની તસવીર મેં જડી રાખી હશે પણ જયારથી તમે મારા જીવનમાં આવ્યા છો, ત્યારથી મેં તનમનથી તમને જ....''

''બસ... બસ.... બસ.... સ્ટોપ યોર ડ્રામા. સાલી નાટકબાજ. મને તેં ફસાવ્યો છે એવી જ રીતે તેં ઘણાને ફસાવ્યા હશે. પછી, પૈસા પડાવીને એને રઝળતા મૂકી દીધા હશે. આ તો ભૂવન સાહેબે તારો ભાંડો ફોડી નાખ્યો એટલે પ્રેમની પૂજારણ બની ગઈ...શરમ આવવી જોઈએ શરમ ! અમે તને કેમ રાખી અને તે પ્રેગનેન્ટ બની ગઈ હોવાનું તરકટ રચ્યું ? લ્યાનત છે તને...'' ત્યાં જ રવિના તેના પગ પકડીને ઢગલો થઈ ગઈ : ''હા, મેં એક બહાનુ ઉપજાવી કાઢયું કારણ ? કારણ કે હવે તમારી સિવાય કોઈ મારી જિંદગીમાં...'' પણ ત્યાં જ અર્જુને પલંગ નીચેથી પગ ઉપર ખેંચી લઈ તેને હડસેલો માર્યો. એ હડસેલાઈ ગઈ. અર્જુન કંઈક આગળ બોલે એ પહેલા બહાર દરવાજો ખૂલવાનો અવાજ આવ્યો અને રવિના આંખો લૂછતી લૂછતી બહાર નીકળીને રસોડામાં ચાલી ગઈ....

----

સાંજનું આથમતું અજવાળું. પોતાની પાંખમાં બેસાડેલું અંધારૂ અવનિ ઉપર છુટ્ટુ મૂકી ડુંગર પાછળ જતું રહ્યું અને અંધારૂ ધીમે ધીમે પોતાના આકાર મોટો કરવા મથવા લાગ્યુ, રોડ ઉપર ઊભો રહી કયારનોય લિફટ માંગતો દગડુ પાછળ રહી ગયેલા 'ઘર', 'બાળકો' અને ખાંસતી માના વિચારે પાછો પડી રહ્યો હતો. તેના મનચક્ષુ આગળ આ બધાના ચહેરા વારાફરતી તરવરી રહ્યા હતા. તેણે આખરે એક નિર્ણય કરીને ખિસ્સામાંથી મોબાઈલ કાઢયો અને પુરાની બસ્તીમાં ઓટલે બેસીને આખા મલકની સી.આઈ.ડી. કરતા લચ્છુને ફોન લગાડયો.

''દગડુ બોલ રહા હું લા.'' દગડુએ આગળની પૃચ્છા કરતા કહ્યું ''વો... હાલચાલ કયા હે ?''

'' તુમ કહાં પર હો ?'' લચ્છુએ ઉત્કંઠાથી પૂછયુ : '' તેરે ઘર મેં આજકાલ કયા ચલ રહા હૈ પતા હૈ તુઝે ?'' ''આજ સુબહ હી આયા ઔર ભાગ કે પીછે ખેતો વાલે રસ્તે સે નીકલ જાના પડા... લેકીન હુઆ કયાં હૈ ?''

''મૈને તો દોપહર જાના કિ દો તીન પૂલીસવાલે આયે થે તેરી બીબી કી બડી પૂછતાછ કર રહે થે.''

''ઉસ સાલ્લેને ફિર કયાં કારવાઈ કી ? બતા.... બતા.''

''વો તો ચલ ગયે લેકીન તેરી માં કી તબિયત....''

''ઠીક હૈ. રખ્ખ. મૈં આ જાતા હું. અગર કોઈ હલચલ હોતો મુઝે ખબર કરના.''

''લેકિન પૂલીસ અબ કયા ઢુંઢને આઈ થી ? પીછલે કેસ મેં સે તો તુમ-''

''યે નઈ કહાની હૈ પર યે સબ છોડ મેરી માં કો મિલને કે લિયે આના પડેગા.'' એને તેણે ફોન મૂકી દીધો અને તે પાછો ફર્યો.

અંધારાનો પાલવ હવે ફરફરવા લાગ્યો હતો પણ આ તો તેનો કાયમી પરિચિત રસ્તો હતો. બે 'ક ડગલાં ભર્યા પછી તેને યાદ આવ્યું. એભલને ફરી ફોન કર્યો તો એભલ તેના ફોનના રડારમાં પકડાઈ ગયો. પેલાએ ''હલ્લો'' કહ્યું એ ભેળી તો ચાર પાંચ ગાળ ચોપડી જ દીધી અને પછી કહ્યું : ''પોલીસને ખબર પડી ગઈ છે. તુ પેલીને ભગાડ, ગમે એમ કર નહીંતર આપણા બન્નેનું આવી પડશે.''

''હું પેલીને ભગાડવા જ જાઉ છું પણ તેનો ફોન સ્વિચ ઓફ આવે છે. સાલ્લી, એ પણ પોલીસ સાથે ભળી ગઈ હોય એમ લાગે છે.''

જવાબમાં દગડુએ બેચાર ગાળ ઔર દઈ દીધી '' તું તો મરેગા લેકીન મુજકો ભી મરવાયેગા. યે તેરી પરી મુઝકો મીઠી છૂરી લગતી હૈ. હમારા ગલા કટવાયેગી આજ તું ગમે તેમ કર પણ પેલીને લઈને ભાગી નીકળી વરના... હમારા કયા હોગા ? પૂલીસ મેરે ઘર તક આ ગઈ હૈ..'' તુમ ચિંતા મત કરના મૈ રવિના કો ભગા કર લે જાઉગા...''

આમ તો એભલ રવિનાને દિલોજાનથી ચાહતો હતો. ટકલુ બોસ ભલે રવિનાનો ધંધાકીય રીતે ગમે ત્યાં ઉપયોગ કરતો હતો પણ એભલ એને ફેફસા ફાડીને પ્રેમ કરતો હતો અને ટકલુ બોસને પણ ખબર હતી. પણ રવિના ગમે ત્યાં બખૂબી કામ પાર પાડતી હતી. એણે હનીટ્રેપના બે કામ જંગી રકમ મેળવીને પાર પાડયા હતા. અજ રીતે ઈમોશનલ બ્લેકમેઈલીંગ અને લિફટના બહાને પહાડી ઈલાકામાં ચાર વખત માલેતુજાર નબીરાઓને ખંખેર્યા હતા એ એવા શિકાર કરતી જેને આબરૂનો ડર રહેતો હોય. તે સોશિયલ મીડિયા ઉપર ભળતા નામે પોતાની સાઈટ અને એશ.બી. પેજ બનાવતી અને કરોળિયા જેવી જાળ રચી પેલાને લાગમાં લઈ લેતી. હનીટ્રેપમાં તો તેને સારો એવો દલ્લો હાથ લાગ્યો હતો. હનીટ્રેપના બહાને તેને કોઈ પુરૂષની સાથે ઈન્ટિમેન્ટ થવું પડતું પણ હજી સુધી કોઈની સાથે તેણે શારીરિક મર્યાદા ઓળંગી નહોતી. ટકલુ બોસે તો એ માટે સ્પેશ્યલ બોનસ અને મ્હોં માગી રકમ આપવાનું કહેલુ પણ તેણે ટકલુ બોસને ચોખ્ખી ના પાડી હતી. એભલ એની પાછળ લાળ પાડતો પણ એભલને તેણે વચન આપ્યું હતું કે જયારે તે બન્નેના લગ્ન થશે ત્યાર પછી જ પોતાના તન ઉપર એભલનો અધિકાર થશે. ત્યાં સુધી માત્ર થોડીક જ છૂટછાટ મળશે. પણ, અર્જુન સાથે કેમ કરતા મર્યાદા ઓળંગાઈ ગઈ, શરીર કાબુમાં જ ન રહ્યું. કોણ જાણે અર્જુનની સાથે પહેલી જ નજરમાં પ્રેમ થઈ ગયો અને...

તે વિચારમાં સરી પડી. અર્જુન તેને બેહદ પસંદ હતો. અર્જુનના વ્હાલમાં તે નખશિખ ભીંજાઈ ગઈ હતી. અર્જુને તેને સ્વર્ગનું સુખ આપ્યું હતું પણ, એક ભૂલ ?! અચાનક ઘરનો દરવાજો ખખડયો.

કોણ હશે ? તેણે ઘડિયાળમાં જોયું સવારના દસ થવા આવ્યા હતા. અર્જુન તો હજી હમણાં જ ઓફિસે ગયો હતો. અનિતા કોલેજ જતી રહી હતી. દરવાજો બીજીવાર ખખડયો એટલે તે ઊભી થઈ : ''કોણ ?'' બોલતા બોલતા દરવાજાની કડી અંદરથી ખોલી તો એક દાઢીવાળો માણસ ઊભો હતો.

''કુરિયર વાલા હું.'' તે રવિનાને ધારી-ધારીને તાકી રહ્યો. રવિના તેની આંખોને તાકી રહી : '' બોલો...'' તેણે પૂછયું : '' શું કામ છે ?''

''મિસ્ટર અર્જુનિસંઘ... અહીંયા રહે છે ને ?''

''જી હા... યહાં હી રહેતે હૈ...'' જવાબમાં પેલાએ એક કવર આપ્યું. ''કુરિયર મેં આયા હૈ યે લિફાફા દે દેના ઔર આપ કી સાઈન... યા ફીર સાહબ કી સાઈન અંદર હૈ કોઈ ઔર ?''

''નહીં મેરે સિવા કોઈ નહી હૈ...'' રવિનાએ કહ્યું એ ભેળા જ પેલો રવિનાને ધક્કો મારીને અંદર આવી ગયો અને નકલી દાઢી મૂછ કાઢી નાખ્યા. રવિના ભડકી ઉઠી : ''એભલ, તું ?'' જવાબમાં એભલે તેના હોઠ ઉપર હાથ દઈ દીધો અને દાઢી મૂછ પાછાં લગાડી દીધા. ખિસ્સામાંથી એક ચિઠ્ઠી કાઢીને રવિનાના હાથમાં થમાવતા કહ્યું '' સાંજે છ વાગે હું તારી રાહ જોઈશ. ગમે એમ કરીને તું ભાગી છૂટજે નહિંતર તું તારા સારા માટે કહુ છું... સલાવાઈ જઈશ. (ક્રમશઃ) ■

# દામલના મજબુત હાથમાં તેની કાયા હજી પણ ઝકડાયેલ જ હતી




ધારાવાહી નવલકથા

અમૃત પરમાર

દામલ તો ઉંઘી ગયો હતો. પરંતુ જ્યોતિની આંખો તો હજી ખુલ્લી જ હતી. આવી સ્થિતિમાં તેને ઉંઘ કેમ આવે ? હોઠ ભીના ભીના, છાતી ભીની ભીની ને.... આગળ વિચારી ન શકી. કારણ કે હવે તેને બાથરૂમ જવાની પ્રબળ ઈચ્છા થઈ હતી, પરંતુ....દામલના મજબુત હાથમાં તેની કાયા હજી પણ ઝકડાયેલ જ હતી.

બરાબર આ સમયે....

''જયોતિ..., મારી જયોતિ....'' એમ શબ્દો બોલી દામલ તેનું પડખું ફરી પાછો ઊંઘી ગયો. એ સાથે જ અંધારામાં પણ જયોતિ ધીમે ધીમે ઊભી થઈ બાથરૂમ તરફ ચાલી. માંડ માંડ તે બાથરૂમમાં પહોંચી. લાઈટ ચાલુ કરીને તેણે તેના ખુલ્લા શરીર પર બધે જ નજર ફેરવી. આખું શરીર જાણે કે ચોળાઈ ગયું હતું. જયાં ત્યાં બધે જ લોહીનાં ટશિયા અને ઉપસેલી ભરોળ દેખાતી હતી. આવું બધું જોવા છતાં જ્યોતિના ચહેરા પર સ્મિત ફરી વળ્યું. મનમાં મનમાં બોલી : કંઈક મેળવવા માટે કંઈક ગુમાવવું પણ પડે....''

પછી, જયાં જયાં જરૂર પડી ત્યાં ત્યાં શરીર પર પાણીથી બધું સાફ કર્યું પછી બાથરૂમની લાઈટ બંધ કરી ધીમે ધીમે તે પલંગ પાસે પહોંચી. પલંગમાં લાંબી થઈ સુખના સપનામાં હવે જ્યોતિની આંખો પણ બંધ થઈ ગઈ. જ્યોતિ અને દામલની રવિવારની રાત પણ રંગીન અને રસાળ નીવડી. આખી રાત દામલે મન ભરીને મજા માણી. જયારે સોમવારની સવારે તેની આંખ ઊઘડી ત્યારે કોઈ તકદીરના જોરે જ્યોતિનો હાથ તેના શરીરની એવી જગ્યાએ છુપાઈને પડયો હતો કે... એ જોતાની સાથે તો દામલ તત્કાળ ખૂબ જ ઉત્તેજિત થઈ ગયો. તેને કંઈક થવા લાગ્યું.

પરંતુ અત્યારે એ થોભી ગયો ને જ્યોતિનો હાથ ત્યાંથી ધીરેથી ઉઠાવીને તેણે તેના હોઠ પર દબાવી દીધો. પછી હાથ પર બે - ચાર ચૂમીઓ ભરી લીધી. પછી બીજા હાથ વડે જ્યોતિના ગાલ પર ધીમે ધીમે ટપલી મારી કહેવા લાગ્યો : ''એય.... જ્યોતિ, જ્યોતિ... ઊઠ હવે. તે તો રાત આખી બસ ઊંધ્યા જ કર્યું છે.. જો... હવે સવાર થઈ ગઈ ઉઠ હવે...''

ને.... એ સાથે જ જ્યોતિએ તેની આંખો પટ પટ કરતા ખોલી, પછી બે હાથ જરા ઊંચા કરી આળસ મરડી. એ સમયે દામલે તેની નજર જ્યોતિની છાતી પર નાખી... એ સાથે તો તે ખૂબ જ શરમાઈ જઈ ઝડપથી ઊભી થઈ બાથરૂમ તરફ દોડી ગઈ.

જ્યોતિ અર્ધો - પોણો કલાક પછી બાથમાંથી બહાર નીકળી ત્યારે તેના ચમકતા શરીર પર માત્ર છાતી સુધી ટુવાલ વીંટાળેલ હતો. એટલે તો આવતાંવેંત તેણે દામલ સામે જોઈ કહ્યું : '' આમ મારી સામે ટગર ટગર જોયા ન કર. રાતભર કંઈ કેટકેટલી રમત રમ્યો હોઈશ, હજી સંતોષ નથી થયો ? જા..., થોડીવાર બહાર જા... એટલે હું નિરાંતે કપડાં પહેરી તૈયાર થઈ જાઉં....''

દામલ ચૂપચાપ ઊભો થયો. પોતાનો નાઈટડ્રેસ વ્યવસ્થિત કરી તે રૂમની બહાર નીકળી ગયો.

જ્યોતિ તૈયાર થવા લાગી. અત્યારે તેણે તેના ગાલ પર, કપાળ પર, હોઠ પર અને ગરદન પર થોડા દાગ ઉપસેલા જોયા. અરે.... માત્ર તેના ચહેરા પર જ નહીં પરંતુ આખા શરીર પર જ્યાં તે ત્યાં અનેક ધબ્બા અને ભરોળ ઉપસેલી જોઈ. પ્રથમવાર તેણે તેના શરીર પર આવું બધું જોયું. તે વળી ખુશીથી શરમાઈ ગઈ હતી.

થોડીવારમાં તેણે નવા વસ્ત્રો પહેરી લીધાં. પછી ચહેરા પર થોડો પાઉંડરને એવું બધું લગાવ્યું. આમેય રૂપાળાને વધારે રૂપાળું થવું પોષાય નહીં, અને પછી તે રૂમમાંથી બહાર નીકળી.

એ બહાર નીકળી ત્યાં તો તેની નજરે થોડે છેટે એક નાના ટેબલ પર દામલ બેઠો બેઠો કંઈ ગહન વિચાર કરતો હોય તેવું દેખાયું એટલે ત્યાં જઈ જ્યોતિએ જરા મોટા અવાજે કહ્યું : ''હવે ઊભો થા..., બાથરૂમ તારી રાહ જુએ છે. ઘસી ઘસીને ઝડપથી નાહી લે, હજી કેવો ગંદો ગંદો ભર્યો છે તું...''

જ્યોતિના આવા શબ્દો સાંભળી દામલ શરમાઈ જઈ નીચું જોતાં જોતાં રૂમ તરફ જવા ચાલવા લાગ્યો. દામલ નાહીને, તૈયાર થઈને બહાર નીકળ્યો ત્યારે સાડા આઠ થયા હતા. હવે તો બધાં બાળકો પણ ઝડપથી તૈયાર થવા લાગ્યા હતાં. બાળકો પાસે આવી તાળી પાડીને દામલે કહ્યું :

''તમે બધાં તૈયાર થઈ જાઓ એટલે નવ - સાડા નવે આપણે નીકળવાનું છે. આજના પોગ્રામમાં ચાર સ્થળે આપણે ફરવા જવાનું છે. સાંભળો : પહેલા તો આપણે અહીંથી નીકળશું એટલે દામોદર કુંડ આવશે. આ દામો કુંડને ખૂબ પવિત્ર માનવામાં આવે છે. ત્યાં અર્ધો કલાક આપણે રોકાણ કરીશું. પછી ત્યાંથી આગળ જતાં સમ્રાટ અશોકનો શિલાલેખ પણ રસ્તામાં જ આવશે. આશરે ત્રેવીસસો વર્ષ પહેલા સમ્રાટ અશોકે સંદેશો આપેલો છે. ત્યાં આગળ પણ આપણે અર્ધો પોણો કલાક રોકાઈશું.

''ત્યાંથી આગળ નીકળીને આપણે સૌએ મહાબત મકબરો જોવાનો છે. આ સ્મારક આમ તો મકબરો એટલે કે એક કબર જ છે. જે જૂનાગઢના નવાબની છે. ત્યાં આગળ થોડો વધારે સમય રોકાઈશુ અને પછી છેલ્લે આપણે વિલિંગડન ડેમ જોવા જવાનું છે. જે કાળવા નદી પરનો ડેમ છે. ડેમ જોયા પછી આપણે આપણા ગામ કમળાપુર જવા રવાના થઈશું. એટલે સાંજ પહેલાં તો આપણે આપણા ઘર પહોંચી જઈશું. બરાબર....''

(ક્રમશઃ) ■

.આ પૂર્તિમાં રજૂ થયેલા વિચારો જે-તે લેખકોના પોતાના છે. સંજોગ ઈન્ડિયા ન્યૂઝ પ્રા. લિ. તેની સાથે સહમત હોય તે જરૂરી નથી.

# એલજીએ લીલી ઝંડી આપતા કેજરીવાલની મુશ્કેલીઓ વધી, હવે એક્સાઈઝ પોલિસી મામલે ઈડી કાર્યવાહી કરશે

નવીદિલ્હી,તા.૨૧

દિલ્હીમાં વિધાનસભા ચૂંટણી પહેલા પૂર્વ સીએમ અરવિંદ કેજરીવાલ ફરી એકવાર મુશ્કેલીમાં મુકાઈ જવાના છે. લેફ્ટનન્ટ ગવર્નર વીકે સક્સેનાએ એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી)ને એક્સાઈઝ પોલિસી કેસમાં અરવિંદ કેજરીવાલ સામે કાર્યવાહી કરવાની મંજૂરી આપી દીધી છે. લેફ્ટનન્ટ ગવર્નરના કાર્યાલય દ્વારા આ માહિતી આપવામાં આવી છે. ૫ ડિસેમ્બરે એન્ફોર્સમેન્ટ



ડિરેક્ટોરેટે અરવિંદ કેજરીવાલ સામે કેસ ચલાવવાની મંજૂરી માંગી હતી. તે જ સમયે, હવે લેફ્ટનન્ટ ગવર્નરે ઈડીને એક્સાઈઝ પોલિસી મામલે કેજરીવાલ સામે કાર્યવાહી કરવા માટે લીલી ઝંડી આપી દીધી છે. કેજરીવાલ વિરુદ્ધ આ કાર્યવાહી આવતા વર્ષે ફેબ્રુઆરીમાં યોજાનારી દિલ્હી વિધાનસભાની ચૂંટણીના થોડા મહિના પહેલા જ લેવામાં આવી છે.

દરમિયાન, દિલ્હી હાઈકોર્ટે શુક્રવારે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી)ને અરવિંદ કેજરીવાલ અને મનીષ સિસોદિયા દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી પર જવાબ દાખલ કરવા માટે વધારાનો સમય આપ્યો હતો. અરજીમાં દિલ્હી એક્સાઈઝ લિકર પોલિસી કેસમાં ચાર્જશીટને સંજ્ઞાન લેવાના ટ્રાયલ કોર્ટના નિર્ણયને પડકારવામાં આવ્યો છે. તાજેતરમાં, દિલ્હી હાઈકોર્ટે આમ આદમી પાર્ટીના નેતાઓ અરવિંદ કેજરીવાલ અને મનીષ સિસોદિયાની અરજી પર નોટિસ જારી કરી હતી, જેમાં કથિત એક્સાઈઝ પોલિસી કૌભાંડમાં તેમની સામે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટની ચાર્જશીટને ધ્યાનમાં લેવાના ટ્રાયલ કોર્ટના નિર્ણયને પડકારવામાં આવ્યો હતો.

# ક્રેડિટ કાર્ડના બિલની સમયસર ચુકવણી ન કરી તો બેંક વધુ વ્યાજ વસૂલી શકશે: સુપ્રીમ

નવીદિલ્હી,તા.૨૧

સુપ્રીમ કોર્ટે બેંકોને ક્રેડિટ કાર્ડ ડિફોલ્ટ પર હવે બેંકોને વધુ વ્યાજદર વસૂલવાની મંજૂરી આપી છે. સર્વોચ્ચ અદાલતે બેંકોને રાહત આપતા રાષ્ટ્રીય ગ્રાહક તકરાર નિવારણ આયોગના આદેશને ફગાવી દીધો હતો, જે અગાઉ ક્રેડિટ કાર્ડના બિલની ચુકવણીમાં વિલંબ પર વ્યાજ દર વાર્ષિક ૩૦% સુધી હતો જે હવે વધારી દેવામાં આવ્યો છે. સુપ્રીમ કોર્ટના આ નિર્ણયથી ગ્રાહકોને સુરક્ષા



પૂરી પાડતી લાંબા સમયથી ચાલતી મર્યાદાનો અંત આવ્યો છે. સુપ્રીમ કોર્ટના જસ્ટિસ બેલા ત્રિવેદી અને સતીશ ચંદ્ર શર્માની બેંચે સ્ટાન્ડર્ડ ચાર્ટર્ડ બેંક , સિટી બેંક, અમેરિકન એક્સપ્રેસ અને હોંગકોંગ અને શાંઘાઈ બેંકિંગ કોર્પોરેશન જેવી બેંકો દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીઓની સુનાવણી કરી હતી. સુપ્રીમ કોર્ટ સામે પ્રશ્ન ઉઠાવવામાં આવ્યો હતો કે શું એનસીડીઆરસી (નેશનલ કન્ઝ્યુમર ડિસ્પ્યુટ્સ રિડ્રેસલ કમિશન)ને બેંકો દ્વારા તેમના ક્રેડિટ કાર્ડ ધારકો પાસેથી વસૂલવામાં આવતા વ્યાજ દરોની મહત્તમ મર્યાદા નક્કી કરવાનો અધિકાર છે કે જો નિયત તારીખે ચુકવણી ન કરવામાં આવે તો? ભારતમાં લગભગ ૩૦% ક્રેડિટ કાર્ડ ધારકો પહેલેથી જ ડિફોલ્ટમાં છે. સુપ્રીમ કોર્ટના આ નિર્ણયથી આવા લોકો પર આર્થિક દબાણ વધી શકે છે. ભારતથી વિપરીત કેનેડા અને ઓસ્ટ્રેલિયા જેવા દેશોએ ગ્રાહકોની સુરક્ષા માટે ક્રેડિટ કાર્ડના વ્યાજ દરો પર કડક નિયમો લાગુ કર્યા છે. વિકસિત દેશોમાં ક્રેડિટ કાર્ડના દરો સામાન્ય રીતે ૯.૯૯% થી ૨૪% સુધીના હોય છે.

# પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી કુવૈત પહોંચતા ભવ્ય સ્વાગત કરાયુ

ન્યુ દિલ્હી,તા.૨૧

પીએમ મોદી ૨ દિવસની મુલાકાતે કુવૈત પહોંચી ગયા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કુવૈત શહેરમાં ૧૦૧ વર્ષીય ભૂતપૂર્વ આઈએફએસ અધિકારી મંગલ સૈન હાંડા સાથે મુલાકાત કરી હતી. મોદી કુવૈતના અમીર શેખ મેશાલ અલ-અહમદ અલ-જાબેર અલ-સબાહના આમંત્રણ પર કુવૈતની ૨ દિવસની મુલાકાતે છે. વડાપ્રધાનનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. વડાપ્રધાન મોદીએ ભારતીય મૂળના



લોકો સાથે વાતચીત કરી હતી. છેલ્લા ૪૩ વર્ષમાં ભારતીય વડાપ્રધાનની કુવૈતની આ બીજી મુલાકાત છે. પીએમ મોદીની આ મુલાકાત દરમિયાન ભારત અને કુવૈતના સંબંધોમાં એક નવો ઐતિહાસિક અધ્યાય લખાય તેવી આશા છે.

# મહિલાઓના કાયદા પતિ કે સાસરિયાઓને ધમકી આપવા કે પૈસા પડાવવા નથી : સુપ્રીમ

નવીદિલ્હી,તા.૨૧

દેશમાં મહિલાઓની સુરક્ષા અને કલ્યાણ માટે બનેલા કાયદાના દુરુપયોગ પર સુપ્રીમ કોર્ટે કડક ટિપ્પણી કરી છે. કોર્ટે કહ્યું છે કે આ કાયદા મહિલાઓની સુરક્ષા માટે છે, અને તેમના પતિ અને સાસરિયાઓને ધમકી આપવા અથવા પૈસા પડાવવાના માધ્યમ તરીકે નથી. લગ્ન વિવાદોમાં



એકસાથે રેપ, ઘરેલુ હિંસાનું એક પેકેજ બનાવી ફરિયાદનું પ્રમાણ વધી રહ્યું છે. કોર્ટે કહ્યું કે મહિલાઓના સંરક્ષણ માટે બનાવવામાં આવેલા કાયદાનો દુરુપયોગ આજે વધ્યો છે.

મહિલા સુરક્ષાના કાયદા પતિઓ પાસેથી બળજબરીથી વસૂલી કરવા કે ધમકાવવા, તેમના પર હાવી થવા માટે નથી. સુપ્રીમ કોર્ટે કહ્યું કે મહિલાઓએ સમજવું જોઈએ કે તેમના અધિકારોની સુરક્ષા માટે કડક કાયદા છે. આ અન્યાયી લાભ લેવા માટે બનાવવામાં આવ્યા નથી. સુપ્રીમ કોર્ટે કહ્યું કે ઘણા કેસમાં એવું જોવામાં આવ્યું છે કે બળાત્કાર, ગુનાહિત ધાકધમકી અને ક્રૂરતા જેવી ગંભીર કલમોનો 'પેકેજ' તરીકે ઉપયોગ કરવામાં આવે છે. આનાથી સંબંધો બગડે છે એટલું જ નહીં સમાજમાં ખોટો સંદેશ પણ જાય છે.

# આગામી ૪૮ કલાકમાં દિલ્હી સહિત અનેક રાજ્યોમાં વરસાદનું એલર્ટ

નવીદિલ્હી,તા.૨૧

પહાડોમાં બરફ પડી રહ્યો છે. હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ અને જમ્મુ-કાશ્મીરના ઊંચાઈવાળા વિસ્તારોમાં તાપમાન માઈનસ ડિગ્રીથી નીચે પહોંચી રહ્યું છે. પહાડોમાં હિમવર્ષાની સાથે મેદાની વિસ્તારોમાં કડકડતી ઠંડી પડી રહી છે. આગામી ૪૮ કલાકમાં દિલ્હી-એનસીઆરનું હવામાન બદલાશે. દિલ્હી-એનસીઆર, ઉત્તર પ્રદેશ સહિત ઘણા રાજ્યોમાં વરસાદની સંભાવના છે. દિવસ દરમિયાન તડકો રહેશે. રવિવારે લઘુત્તમ તાપમાન ૧૦ ડિગ્રી અને મહત્તમ તાપમાન ૨૨ ડિગ્રી સેલ્સિયસ રહેવાની શક્યતા છે. સોમવારે દિલ્હીમાં વાદળછાયું વાતાવરણ રહેશે. હળવા વરસાદની પણ શક્યતા છે. હવામાન વિભાગે દિલ્હી-એનસીઆર સહિત ઉત્તર પ્રદેશમાં વરસાદની આગાહી કરી છે. આગામી ૪૮ કલાક દરમિયાન તાપમાનમાં ઘટાડો નોંધાઈ શકે છે.

# બાંગ્લાદેશમાં ફરી હિન્દુ મંદિરો પર હુમલો, એકસાથે આઠ મૂર્તિઓને ખંડીત કરી દેવાઈ

(એચ.એસ.એલ),ઢાકા,તા.૨૧

બાંગ્લાદેશમાં ફરી એકવાર હિન્દુ મંદિરોમાં તોડફોડની ઘટના સામે આવી છે. વાસ્તવમાં બાંગ્લાદેશના મૈમનસિંહ અને દિનાજપુરમાં બદમાશોએ બે દિવસમાં ત્રણ હિન્દુ મંદિરોમાં આઠ મૂર્તિઓ તોડી નાખી હતી. આ દાવો એક રિપોર્ટમાં કરવામાં આવ્યો છે. પોલીસે મંદિરમાં તોડફોડના મામલે એક વ્યક્તિની ધરપકડ કરી છે. બાંગ્લાદેશમાં લઘુમતી હિંદુ સમુદાય વિરુદ્ધની શ્રેણીબદ્ધ ઘટનાઓમાં આ તાજેતરની ઘટના



છે. મૈમનસિંહના હાલુઘાટ ઉપ-જિલ્લામાં બે મંદિરોની ત્રણ મૂર્તિઓની તોડફોડ કરવામાં આવી હતી. મંદિરના સૂત્રો અને સ્થાનિક લોકોને ટાંકીને હલુઘાટ પોલીસ સ્ટેશનના પ્રભારી (ઓસી) અબુલ ખૈરે જણાવ્યું કે, શુક્રવારે સવારે બદમાશોએ હલુઘાટના શકુઈ સંઘમાં બોંદરપારા મંદિરની બે મૂર્તિઓ તોડી નાખી હતી. શુક્રવારે પોલીસે આ ઘટનામાં સંડોવણી બદલ પોલાશકાંડા ગામના ૨૭ વર્ષીય યુવકની ધરપકડ કરી હતી. પૂછપરછ દરમિયાન અલાલ ઉદ્દીન નામના શખ્સે ગુનો કબૂલી લીધો હતો. તેને મૈમનસિંહ કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો, જ્યાંથી તેને જેલમાં મોકલી દેવામાં આવ્યો.

# અમરેલી-વેરાવળ ટ્રેનને બ્રેક લગાવી સિંહણનો જીવ બચાવાયો

**સિંહણનો જીવ બચતા સિંહપ્રેમીઓમાં આનંદની લાગણી**

અમરેલી,તા.૨૧

કાંસિયાનેસ-સાસણ ગીર સેક્શનમાં રેલવે ટ્રેક પર સિંહણ ઉભેલી જોઈ પેસેન્જર ટ્રેન નં. ૦૯૨૯૨ અમરેલી-વેરાવળને ઈમરજન્સી બ્રેક લગાવીને



અટકાવવામાં આવી હતી. ટ્રેન મેનેજરને લોકો પાયલટ આરીફ આર. અને આસિસ્ટન્ટ લોકો પાયલોટ ફરમાન હુસૈન દ્વારા જાણ કરવામાં આવી હતી. તે જ ટ્રેનમાં યાત્રા કરી રહેલા ફોરેસ્ટ ટ્રેકર રાણાભાઈ ગઢવી ટ્રેનમાંથી નીચે ઉતર્યા હતા અને તરત જ ટ્રેક ક્લિયર કરાવ્યો હતો. ત્યારબાદ, જ્યારે બધી સ્થિતિ સામાન્ય જોવા મળી, ત્યારે લોકો પાઈલટને ફોરેસ્ટ ગાર્ડ, ટ્રેકર દ્વારા પ્રસ્થાન કરવાનું કહેવામાં આવ્યું હતું. ત્યાર બાદ, ટ્રેનને લોકો પાયલટ દ્વારા કાળજીપૂર્વક ગંતવ્ય સ્થાન તરફ લઈ જવામાં આવી હતી.

# અમરેલીમાં ધારાસભ્ય કૌશિક વેકરીયાના હસ્તે રૂા.૧૭ કરોડના ખર્ચે રસ્તાનું ખાતમુહૂર્ત

અમરેલી, તા.૨૧

અમરેલીને સારી સુવિધા મળે તે માટે ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયા દ્વારા વિવિધ કામોના ખાતમુહૂર્ત કરવામાં આવ્યા હતા. અમરેલી શહેર ખાતે રૂા.૧૨ કરોડના ખર્ચે તૈયાર થનાર સેન્ટરપોઈન્ટથી રાધેશ્યામ આઈકોનિક રોડનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. તેમજ અમરેલી શહેર ખાતે રૂા.પાંચ કરોડના ખર્ચે



તૈયાર થનાર જેસીંગપરા-નવા ખીજડીયા નોન પ્લાન રસ્તાનું ખાતમુહૂર્ત પણ કરવામાં આવ્યું હતુ. એક સાથે કુલ રૂા.૧૭ કરોડના રસ્તાનું ખાતમુહૂર્ત કરવામાં આવતા લોકોમાં આનંદની લાગણી પ્રસરી જવા પામી હતી. આ તકે ભાજપના પદાધિકારીઓ હાજર રહ્યા હતા.

# અમરેલી જિલ્લા કલેકટરના અધ્યક્ષસ્થાને સંકલન સમિતિની બેઠક મળી

**જિલ્લાના વિવિધ પ્રશ્નો અંગે ધારાસભ્યોએ રજૂઆત કરી**

અમરેલી,તા.૨૧

અમરેલી જિલ્લા કલેકટર અજય દહિયાના અધ્યક્ષ સ્થાને અમરેલી જિલ્લા સંકલન અને ફરિયાદ નિવારણ સમિતિ અને અમરેલી જિલ્લા નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા સલાહકાર સમિતિની બેઠક યોજાઇ હતી. અમરેલી જિલ્લા સેવા સદન ખાતે યોજાયેલ આ બેઠકમાં જિલ્લા કલેકટરે સ્વાગત કાર્યક્રમ, નાગરિકોના જૂના પ્રશ્નોનું નિવારણ, પીએમ વિશ્વકર્મા, પીએમ જન આરોગ્ય, આવાસ, સ્વામીત્વ, ગંગાસ્વરૂપ આર્થિક સહાય સહિતની યોજનાઓની લાભાર્થીઓને સહાય ઉપરાંત પીવાના પાણીના પ્રશ્નો, વીજ પુરવઠા અને કનેકશનને લગતી બાબત તથા જમીન ફાળવણીને લગતી જરુરી કાર્યવાહી ત્વરાએ થાય તે જોવા દિશાનિર્દેશો આપ્યા હતા. વધુમાં કચેરીઓની કામગીરીને વ્યાપક પ્રમાણમાં નાગરિકોને જાણકારી મળી રહે તે ઉદ્દેશ્ય સાથે સોશિયલ મિડિયા પ્લેટફોર્મ્સ પર કાર્યરત થવા સૂચના આપી હતી. વિધાનસભા નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયા, ધારાસભ્ય મહેશભાઈ કસવાળા, હિરાભાઈ સોલંકી, જનકભાઈ તળાવીયાની ઉપસ્થિતિમાં યોજાયેલ આ બેઠકમાં જિલ્લા કલેકટરે કાર્યક્રમના સુચારુ આયોજન માટે વિવિધ કચેરીઓના અધિકારીઓને સોંપવામાં આવેલી કામગીરીની સમીક્ષા કરવાની સાથે આગળની કાર્યવાહી કરવા જણાવ્યુ હતું. સંકલન સમિતિની બેઠકમાં જનપ્રતિનિધિઓ - ધારાસભ્યોએ વિવિધ વિસ્તારોના રસ્તા, વીજળી, પીવાનું પાણી, જમીન પાણી, ચેકડેમ, અગરીયાઓના પ્રશ્નો, સહકારી મંડળી, વાસ્મોની કાર્યવાહી, વિવિધ યોજનાકીય સહાય સહિતની બાબતે ઘટતું થાય તે માટે ધારાસભ્યોએ રજૂઆત કરી હતી, આ સંદર્ભે અમરેલી જિલ્લા કલેકટરે સંબંધિત કચેરીઓના અધિકારીઓને સૂચના અને માર્ગદર્શન આપ્યા હતા. જિલ્લાની વિવિધ વાજબી ભાવની દુકાનના લાયસન્સની કાર્યવાહી કરવા જણાવ્યુ હતું. સમગ્ર બેઠકનું સંચાલન નિવાસી અધિક કલેકટર દિલિપસિંહ ગોહિલે કર્યુ હતું. આ બેઠકમાં જિલ્લા પોલીસ વડા સંજય ખરાત, શેત્રુંજી નાયબ વન સંરક્ષક જયન પટેલ, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી નિયામક જાડેજા, પ્રાંત અધિકારીઓ, પંચાયત, આરોગ્ય, શિક્ષણ, વાસ્મો, પાણી પુરવઠા, જળસિંચન, વન, પોલીસ, એસ.ટી., નગરપાલિકા તેમજ વિવિધ કચેરીઓના અધિકારીઓ, કર્મયોગીઓ સહિતના ઉપસ્થિત રહ્યા હતા.

# સુરત શહેરમાં કોળી સમાજ દ્વારા તા.૨૯ના રોજ પરિચય સમારંભ યોજાશે

અમરેલી, તા.૨૧

સુરત ખાતે કોળી શક્તિ યુવક મંડળ અમરેલી દ્વારા ૭૧મા વેવિશાળ મેળામાં ગુજરાત અને સૌરાષ્ટ્રમાં રહેતા કોળી સમાજના ઉચ્ચ અભ્યાસ કરતા લગ્નોત્સુક યુવક અને યુવતીઓના વેવિશાળ પરિચય સમારંભનું તા. ૨૯-૧૨-૨૦૨૪ના રોજ આયોજન કરવામાં આવશે. આ કાર્યક્રમમાં એક હજારથી વધુ સંખ્યામાં લોકો વિનામૂલ્યે ભાગ લેશે. કાર્યક્રમની માહિતી માટે કે ફોર્મ ભરવા માટે મંડળના પ્રમુખ રમેશભાઈ એસ. ગોહીલ મો.૯૩૭૪૭૩૪૮૨૦ તથા સૌરાષ્ટ્ર તળપદા કોળી સમાજ વાડી અભયનગર, મારૂતિ ચોક, સુરત મો.૯૯૨૪૫ ૩૬૪૪૮નો સંપર્ક કરવો.

# ધોરાજીમાં વિકાસ કામોને લઈ ભાજપ-કોંગ્રેસ આમને-સામને : ભ્રષ્ટાચારના આરોપોથી ગરમાયું રાજકારણ

ધોરાજી, તા.૨૧

ધોરાજી શહેરમાં આગામી નગરપાલિકાની ચૂંટણીને પગલે રાજકીય માહોલ ગરમાયો છે. વહીવટદારના શાસન હેઠળ ચાલી રહેલા વિકાસ કામોને લઈ ભાજપ અને કોંગ્રેસ વચ્ચે આરોપ-પ્રત્યારોપનો દોર શરૂ થયો છે. શહેરમાં હાલ રોડની બંને બાજુ ફૂટપાથ રીનોવેશન અને પેવર બ્લોકની કામગીરી ચાલી રહી છે. આ કામગીરીને લઈ



શહેર કોંગ્રેસ પ્રમુખ દિનેશભાઈ વોરાએ ગંભીર આરોપો લગાવ્યા છે. તેમના જણાવ્યા અનુસાર, ફૂટપાથની કામગીરી અત્યંત નબળી ગુણવત્તાની થઈ રહી છે. કોન્ટ્રાક્ટર દ્વારા ન તો શરતોનું પાલન થઈ રહ્યું છે, કે ન તો ગુણવત્તાયુક્ત સામગ્રીનો ઉપયોગ થઈ રહ્યો છે. વધુમાં તેમણે આરોપ મૂક્યો કે કોન્ટ્રાક્ટર પાસેથી ભાજપ દ્વારા ફંડ લેવામાં આવ્યું છે. આ આરોપોનો જવાબ આપતા શહેર ભાજપ પ્રમુખ રાજેશભાઈ બાલધાએ જણાવ્યું કે છેલ્લા બે વર્ષથી વહીવટદારના શાસન હેઠળ, કોંગ્રેસના શાસનકાળમાં અધૂરા રહેલા વિકાસ કામો પૂર્ણ કરવામાં આવી રહ્યા છે. તેમણે કોંગ્રેસ પર શહેરના વિકાસને અટકાવવાનો અને "હવનમાં હાડકા નાખવા"નો આરોપ મૂક્યો હતો.

-//મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કોર્ટમાં//-

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.મરણ નોંધણી /અરજી નં.૯૧/૨૦૨૪

અરજદારશ્રીઃ- .. ધંધુકીયા કરીમભાઈ ભીખુભાઈ,
રહે. નેસડી તા.સાવરકુંડલા જિ.અમરેલી

-//વિરૂધ્ધ//-

સામાવાળાઃ-........ ૧. તકમશ્રી નેસડી તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે મરણની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણી નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીના દાદી **નનીબેન અલીભાઇ ધંધુકીયાનું મરણ તા.૨૩/૦૩/૨૦૦૩** ના રોજ મુ.નેસડી તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના મરણની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, મરણની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૦૭/૦૧/૨૦૨૫ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાનાં હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (મરણ નોંધણી રજીસ્ટ્રાર)એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો મરણ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ - મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા. ૧૨/૧૨/૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**સહી.**
**મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ,**
**સાવરકુંડલા**

### માવઠાની આગાહી વચ્ચે

# ઉત્તરીય ભાગમાં હિમવર્ષા થતા રાજ્યમાં હજુ પણ ઠંડીનું જોર વધશે

અમદાવાદ,તા.૨૧



ગુજરાતમાં ભારે ઠંડી પડી રહી છે. ભારતના ઉત્તરીય ભાગમાં હિમવર્ષા થતા રાજ્યમાં હજુ પણ ઠંડીનું જોર વધશે. હિમવર્ષાના કારણે ઉત્તરીય ભાગોમાંથી ઠંડા પવનો ફૂંકાશે અને આગામી દિવસોમાં કડકડતી ઠંડીને લઈને હવામાન નિષ્ણાત પરેશ ગોસ્વામીએ આગાહી કરી છે. હવામાન નિષ્ણાત મુજબ રાજ્યમાં ફરી એક માવઠું થવાની સંભાવના છે. ડિસેમ્બરના છેલ્લા સપ્તાહમાં વાદળછાયું વાતાવરણ જોવા મળશે. હવામાન નિષ્ણાત પરેશ ગોસ્વામીએ ડિસેમ્બરના અંતિમ સપ્તાહમાં માવઠાંની આગાહી કરી છે. માવઠું રાજ્યના મોટા ભાગના જિલ્લાને પ્રભાવિત કરે તેવી સંભાવના વ્યક્ત કરી છે. આજે ગુજરાતમાં ૧૮ ડિગ્રી તાપમાન નોંધાયું છે પરંતુ ઉત્તરીય ભાગોમાં બદલાતા હવામાનના કારણે આગામી દિવસોમાં તાપમાનમાં ઘટાડો થઈ શકે છે. હવામાન નિષ્ણાત પરેશ ગોસ્વામીના જણાવ્યા અનુસાર હિમાચલ પ્રદેશમાં હિમવર્ષા થઈ રહી છે, જેની અસર ગુજરાતમાં જોવા મળી રહી છે. અનેક જિલ્લાઓમાં કડકડતી ઠંડી પડશે. સૌરાષ્ટ્ર અને કચ્છમાં ઠંડીનું મોજું ચાલી રહ્યું છે અને તેનો પ્રકોપ આગામી થોડા દિવસો સુધી ચાલુ રહેશે. ગાંધીનગર અને અમદાવાદમાં તાપમાન ૧૫ ડિગ્રીની આસપાસ નોંધાયું હતું. વરસાદની પણ સંભાવના છે. આગામી ૨૩ અથવા ૨૪ ડિસેમ્બરે નવું વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સક્રિય થઈ શકે છે. તેમજ બંગાળની ખાડીમાં લો પ્રેશર વિસ્તાર બનવાની સંભાવના છે. તેની અસરને કારણે ગુજરાતના કેટલાક જિલ્લાઓમાં આકાશમાં કાળા વાદળો છવાશે અને પૂર્વ-દક્ષિણ રાજ્યોના કેટલાક ભાગોમાં વરસાદ પડી શકે છે.


# રાજ્યના વિવિધ જિલ્લાઓમાં ૨૪ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની મંજૂરી

અમદાવાદ,તા.૨૧



રાજ્ય સરકારે ગ્રામ્ય વિસ્તારોમાં આરોગ્ય સેવાઓ વધારવા એક નવો નિર્ણય લીધો છે. આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલના અધ્યક્ષસ્થાને મળેલી એક બેઠકમાં રાજ્યના વિવિધ જિલ્લાઓમાં કુલ ૨૪ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોને મંજૂરી આપવામાં આવી છે. જેથી અંતરિયાળ અને દુર્ગમ વિસ્તારમાં આરોગ્ય સેવાઓ સુચારૂ રૂપે પુરી પાડી શકાશે. હાલમાં રાજ્યમાં ભારત સરકારના ગ્રામ્ય વસ્તીના ધારાધોરણો મુજબ આરોગ્ય કેન્દ્રો મંજૂર કરવામાં આવે છે. જે મુજબ સામાન્ય વિસ્તારમાં ૩૦ હજાર અને આદિજાતિ વિસ્તારમાં ૨૦ હજારની ગ્રામ્ય વસ્તીએ ૧ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર મંજૂર કરવામાં આવે છે. હાલ રાજ્યમાં ૨૦૧૧ ની ગ્રામ્ય વસ્તીના ધારાધોરણો મુજબ કુલ ૧૪૯૯ પ્રા.આ.કેન્દ્રો પુરતા પ્રમાણમાં મંજૂર અને કાર્યરત છે. હાલમાં રાજ્યમાં ભારત સરકારના ગ્રામ્ય વસ્તીના ધારાધોરણો મુજબ આરોગ્ય કેન્દ્રો મંજૂર કરવામાં આવે છે. જોકે, નવા કેન્દ્રોની મંજૂરીમાં ભૌગોલિક પરિસ્થિતિને આધારે ઉક્ત વસ્તીના ધારાધોરણો ધ્યાને ન લેતા જીઓ સ્પેશિયલ એનાલિસિસના આધારે આરોગ્ય કેન્દ્રો વચ્ચેના અંતરને ધ્યાને લઈ નિર્ણય લેવામાં આવ્યો છે.

# અમદાવાદમાં પાર્સલમાં બેટરી ફાટતા બે લોકો લોહીલુહાણ



અમદાવાદ,તા.૨૧

અમદાવાદના સાબરમતી વિસ્તારમાં એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. સાબરમતી એરિયામાં આવેલા શિવમ રો હાઉસ ખાતે એક પાર્સલમાં બેટરી બ્લાસ્ટની ઘટના બનતાં બે લોકો ઈજાગ્રસ્ત થયા છે. પાર્સલમાં રહેલી બેટરીમાં બ્લાસ્ટ થતાં પાર્સલ રિસિવ કરનાર બળદેવભાઈના કાકાનો દીકરો અને પાર્સલ લઈને આવનાર ઘાયલ થતા લોહીલુહાણ થયા હતા. પાર્સલ લાવનારનો હાથ ફાટી ગયો છે. જેમને તાત્કાલિક હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. આ ઘટનામાં પોલીસે ગૌરવ ગઢવી નામના યુવકની ધરપકડ કરી છે. ચોંકાવનારી વાત એ છે કે બ્લાસ્ટમાં IED નો ઉપયોગ કરાયાની પોલીસને આશંકા છે. પાર્સલ રિસિવ કરતી વખતે અચાનક ધડાકાભેર બેટરી ફાટતાં મોટો બ્લાસ્ટ થયો હતો. જેના લીધે આસપાસમાંથી લોકો દોડી આવ્યા હતા. ઘટનાની જાણ થતાં પોલીસનો કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો અને બ્લાસ્ટ અંગે વધુ તપાસ હાથ ધરી છે. આ ઘટનાના ગણતરીના કલાકોમાં એક આરોપીની ધરપકડ કરી લીધી હતી. જ્યારે મુખ્ય આરોપી રૂપેન બારોટના ઘરે સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. પોલીસ તપાસમાં વધુ મોટો ખુલાસો થયો છે. આરોપી રૂપેન બારોટના ઘરમાંથી બોમ્બ બનાવવાની સામગ્રી મળી આવી હતી અને આ ઉપરાંત તેના ઘરમાંથી ત્રણ દેશી કટ્ટા પણ મળી આવ્યા હતા. આરોપી પહેલાંથી જ ક્રાઈમ કુંડળી ધરાવે છે. રૂપેન બારોટ દારૂનો ધંધો કરે છે અને તે બુટલેગર છે. રૂપેન બારોટે પોતાના ઘરમાં બોમ્બ બનાવ્યો હોવાની આશંકા છે. પોલીસ હજુ પણ તપાસ કરી રહી છે. આગળ બીજા અન્ય મોટા ખુલાસા થવાની આશંકા છે.

# ભાવવધારાને કારણે ગુજરાતમાં ખાનગી ટેલીકોમ કંપનીએ ૮ લાખ ગ્રાહકો ગુમાવ્યા

### બીએસએનએલમાં ૧.૩૧ લાખ ગ્રાહકો ઉમેરાયા




અમદાવાદ,તા.૨૧

ખાનગી ટેલિકોમ કંપનીઓ દ્વારા ભાવ વધારાને પગલે ગુજરાતમાં સપ્ટેમ્બરમાં ૮ લાખથી વધુ ગ્રાહકો ગુમાવ્યાં છે. એરટેલ, વોડાફોન આઈડિયા અને રિલાયન્સ જિયોએ જુલાઈમાં ૧૦ ટકાથી ૨૭ ટકા સુધીનો ટેરિફ વધારો અમલમાં મૂક્યો હતો, જેનાં કારણે ઘણાં સબ્સ્ક્રાઈબર્સને તેમનાં બજેટનું સંચાલન કરવામાં મુશ્કેલી પડી રહી હતી. ટેલિકોમ રેગ્યુલેટરી ઓથોરિટી ઓફ ઈન્ડિયા દ્વારા તાજેતરનો ટેલિકોમ સબસ્ક્રિપ્શન્સ રિપોર્ટ દર્શાવે છે કે ગુજરાતમાં ગ્રાહકોની કુલ સંખ્યા ઓગસ્ટમાં ૬.૫૯ કરોડની સરખામણીએ સપ્ટેમ્બરમાં ઘટીને ૬.૫૧ કરોડ થઈ ગઈ છે. રિલાયન્સ જિયો ૯ લાખથી વધુ યુઝર્સ ગુમાવીને આ યાદીમાં ટોચ પર છે. વોડાફોન આઈડિયાએ ૧.૧૧ લાખ સબ્સ્ક્રાઈબર્સ ગુમાવ્યાં જ્યારે એરટેલે ૭૯૧૩૬ સબ્સ્ક્રાઈબર્સ ગુમાવ્યા હતા. બીએસએનએલ એકમાત્ર એવી કંપની હતી જેમાં ૧.૩૧ લાખ વપરાશકર્તાઓ ઉમેરાયા હતા.

# હવે અમદાવાદથી સીધા પ્રયાગરાજ મહાકુંભ માટે ઉડાન ભરી શકાશે

અમદાવાદ,તા.૨૧

મહાકુંભ મેળો હિંદુ ધર્મનો સૌથી મોટો આધ્યાત્મિક કાર્યક્રમ છે, જે દર ૧૨ વર્ષે પ્રયાગરાજમાં યોજાય છે. આ મેળો ૨૦૨૫માં યોજાવા જઈ રહ્યો છે અને જ્યોતિષની દૃષ્ટિએ તેને ખૂબ જ શુભ સમય માનવામાં આવે છે. ગુજરાતથી મહાકુંભ જવા માંગતા ભક્તો માટે હાલમાં જ સ્પેશિયલ ટ્રેન શરૂ કરવાની જાહેરાત કરી હતી. ત્યારે હવે મહાકુંભ માટે ગુજરાતથી સ્પેશિયલ ફ્લાઈટ શરૂ કરવાની જાહેરાત કરાઈ છે.




મહાકુંભ માટે પ્રયાગરાજની સ્પેશિયલ ફ્લાઈટ શરુ કરાઈ છે. ગુજરાતથી વધી રહેલ શ્રદ્ધાળુઓની ડિમાન્ડને જોઈને આ નિર્ણય લેવાયો છે. ૧૨ જાન્યુઆરીથી ૨૮ ફેબ્રુઆરી સુધી દૈનિક ફ્લાઈટ શરૂ કરાઈ છે. સ્પેશ્યલ ફ્લાઈટ ૬૫૫ અમદાવાદથી સવારે ૮:૧૦ કલાકે ઉપડશે, જે પ્રયાગરાજ ૯:૫૫ કલાકે પહોંચશે. પ્રયાગરાજથી સાંજે ૪:૩૦ એ ઉપડશે, જે અમદાવાદ ૬:૪૫ કલાકે પહોંચશે. ફ્લાઈટનું ભાડુ ૫૯૮૪ રૂપિયાથી શરુ થશે. મહાકુંભ મેળા ૨૦૨૫ને લઈને મુસાફરોની સુવિધા માટે અને મુસાફરોના વધારાના ધસારાને સમાવવા માટે ઉધના- બલિયા, વલસાડ-દાનપુર, વાપી-ગયા, વિશ્વામિત્રી-બલિયા, સાબરમતી-બનારસ, સાબરમતી બનારસ (વાયા ગાંધીનગર કેપિટલ), ડૉ. આંબેડકરનગર-બલિયા અને ભાવનગર ટર્મિનસ-બનારસ સ્ટેશનો વચ્ચે સ્પેશિલ ભાડા પર મહાકુંભ મેળાની આઠ જોડી ટ્રેન દોડાવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આ તમામ ટ્રેન ૭૨ ટ્રીપથી લાખો લોકોને મહાકુંભ મેળામાં પહોંચાડશે. ટ્રેન નંબર ૦૯૦૩૧, ૦૯૦૧૯, ૦૯૦૨૧, ૦૯૦૨૯, ૦૯૪૧૩, ૦૯૪૨૧, ૦૯૩૭૧ અને ૦૯૫૫૫ માટે બુકિંગ ૨૧ ડિસેમ્બર, ૨૦૨૪ થી શરૂ થશે. તમામ પીઆરએસ કાઉન્ટર અને આઈઆરસીટીસી વેબસાઈટ પર ખુલશે. ૧૨ વર્ષ બાદ યોજાનાર મહાકુંભની તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે.

# અમદાવાદ એરપોર્ટ પરથી રૂ.૧૩ કરોડની ઘડિયાળ સાથે મહિલા ઝડપાઈ

અમદાવાદ,તા.૨૧



અમદાવાદ એરપોર્ટ પરથી કસ્ટમ વિભાગે દુબઈથી આવતી મહિલા પાસેથી અંદાજે ૧૩ કરોડથી વધુની કિંમતની લક્ઝુરિયસ ઘડિયાળ કબ્જે કરી તપાસ શરૂ કરી છે. મહિલાએ સવાલોના જવાબ યોગ્ય રીતે ન આપતા શંકાના આધારે વધુ પ્રશ્નો પૂછતાં મહિલાએ સત્ય કબૂલ્યું હતું. માહિતી મુજબ સરદાર વલ્લભભાઈ પટેલ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર દુબઈથી આવતી ફ્લાઈટમાં મહિલાએ ઘણી મોંઘી ઘડિયાળ પહેરી હતી. હાથમાં પહેરેલી ઘડિયાળ પર કસ્ટમ વિભાગનું ધ્યાન જતાં તેમણે પ્રશ્નોનો દોર શરૂ કર્યો હતો. મહિલા પેસેન્જર આડાઅવળા જવાબો આપતી હોવાથી ચતુરાઈપૂર્વક પૂછતાં તેણે આખરે કબૂલ્યું કે તેના પતિએ તેને ઘડિયાળ આપી છે અને તે બીજી ફ્લાઈટમાં આવી રહ્યાં છે. એટલે તેના પતિને પકડવા ઈન્ટેલિજન્સ ટીમ ચાંપતી નજર રાખીને બેઠી હતી. ફ્લાઈટમાંથી તેના પતિ ઉતરતા અટકાયત કરાઈ હતી. તેણે પણ કિંમતી ઘડિયાળ પહેરી હતી. શરૂઆતમાં તો ઘડિયાળ સસ્તી હોવાનું જણાવ્યું હતું પરંતુ ઘડિયાળનું બિલ માંગતા ન હોવાનું સ્વીકાર્યું હતું.






# નર્મદાના પાણીને કારણે કચ્છનું નાનુ રણ બેટમાં ફેરવાયુ, અગરીયાઓને કરોડોનું નુકસાન

ભુજ,તા.૨૧



કચ્છનું નાનું રણ બેટમાં ફેરવાતા અગરીયાઓને કરોડો રૂપિયાનું નુકસાન થયું છે. નાના રણમાં નર્મદા કેનાલોના વધારાના પાણી રણમાં ફરી વળ્યા હતા. અંદાજે રણના ૩૦ કિલોમીટર વિસ્તારોમાં નર્મદાના પાણી ભરાતા મીઠું પકાવવા બનાવેલા પાળા તૂટી પાણીમાં તણાયા હતા. પાણી ફરી વળવાના કારણે ૪૦૦થી વધુ પાળાઓ તૂટી જતાં અગરીયાઓને ૨ કરોડથી વધુની રકમનું નુકસાન થયું છે. નર્મદા વિભાગની બેદરકારીથી અગરીયાઓને નુકસાન થતા હાલત કફોડી બની છે. કેનાલમાંથી બેફામ રીતે પાણી છોડાતા કચ્છના નાના રણમાં મીઠાના અગરમાં પાણી ભરાઈ ગયા હતા. મીઠાના અગરમાં ચોમાસાના પાણી ભરાય તેમ પાણી ભરાઈ જતા અગરીયાઓને મોટો ફટકો પડ્યો છે. ચોમાસાના વરસાદ બાદ અગરીયાઓ ભારે જહેમત કરી જમીન સમથળ બનાવે છે અને મીઠું પકવવા પાળા તૈયાર કરે છે. પરંતુ હાલમાં નર્મદાના કેનાલનું પાણી ફરી વળ્યું હતું. એક અગરીયાએ થતા નુકસાન અંગે જણાવ્યું કે ધ્રાંગધ્રાના ખેડૂતોને રવી સિઝનમાં ખેતરમાં પાક માટે પાણી આપવામાં આવે છે અને તેના બાદ ખેડૂતો આ પાણીને બકનાળી મારફતે બહાર કાઢે છે. જો કે તંત્ર દ્વારા બકનળી મારફતે કઢાતા પાણીને બંધ ના કરાતા રણમાં ઘૂસ્યા હતા.

# બેંગકોક જતી ફ્લાઈટમાં સુરતીઓએ દારૂનો સ્ટોક ખાલી કરી દીધો

સુરત,તા.૨૧



સુરતથી બેંગકોકની ફ્લાઈટમાં બેઠેલા મુસાફરોએ દારૂ પીને પ્રથમ ફ્લાઈટનું ઉદ્‌ઘાટન કર્યું હતું. મુસાફરોએ એટલો દારૂ પીધો કે ફ્લાઈટમાં હાજર તમામ સ્ટોક ખૂટી ગયો હતો. જેને લઈને ફ્લાઈટના કર્મચારીઓએ મુસાફરોને ના પાડવી પડી હતી. ક્રૂ મેમ્બરે કહેવું પડ્યું હતું કે, 'સોરી નો લિકર.' ગુજરાતીઓએ દીવ, દમણ કે ગોવામાં નહિ પરંતુ બેંગકોક જતી ફ્લાઈટમાં દારૂ ઢીંચ્યો હતો. આ ફ્લાઈટમાં ૩૦૦ જેટલા પેસેન્જર સવાર હતા. જેમણે ૪ કલાકની મુસાફરી દરમિયાન ૧૫ લિટર એટલે કે ૧.૮૦ લાખ રૂપિયાનો દારૂ પીધો હતો. આ સાથે ફ્લાઈટમાં મુસાફરોએ વિસ્કી-બિયર સહિતનો સ્ટોક પણ પતાવી દીધો હતો. એટલું જ નહીં, તેની સાથે સુરતીઓએ ફ્લાઈટમાં નાસ્તાની એવી મજા માણી કે તમામ નાસ્તો ખાલી થઈ ગયો. ખમણ, થેપલા સહિતની તમામ ખાણી-પીણીની વસ્તુઓનો સ્ટોક ખાલી થઈ જતા ફ્લાઈટના ક્રૂ મેમ્બર પણ અચંબિત થઈ ગયા હતા.





